Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૫ -૪૬ • તા. ૦૯ નવેમ્બર થી ૨૨ નવેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ

K.D.O. STUDENTS ASSOCIATION Estd. 1954

62 Shree KDO Students Association



કાર્યક્રમમાં ગુરૂભગવંતોની નિશ્રા

## સરસ્વતી મહાપૂજન

રવિવાર, તા. ૧૮.૧૦.૨૦૧૫
બપોરે ૨.૦૦ કલાકે...
શ્રી નરશી નાથા એ.સી. બેન્કવેટ હોલ,
ભાંડુપ, મુંબઇ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત સરસ્વતી મહાપૂજન (શ્રુતજ્ઞાન પૂજન) માં પ.પૂ.સા. શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા. ની નિશ્રામાં ૨૦૦ થી વધુ સંખ્યામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ સહ આમંત્રિત મહેમાન જોડાઇ આ અનુષ્ઠાનમાં સહભાગી બન્યા.



શ્રુતજ્ઞાન દેવી માં સરસ્વતી



શ્રી કલ્પેશભાઇ મોતા

Wish You **Happy Diwali** & Coming Soon **Jalsa-3** in Jan-16



શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ



પ્રમુખશ્રી અનુજ લોડાયા



અનુષ્ઠાન મુદ્રામાં વિદ્યાર્થીઓ



સરસ્વતી દેવીની આરતી ઉતારતા કાર્યકરો



સરસ્વતી દેવીની વાસક્ષેપ પૂજા કરતા કાર્યકરો



શ્રી બીપીન પાસ્વીર નાગડા



કાર્યક્રમમાં સહભાગી વિદ્યાર્થીગણ



અનુષ્ઠાનમાં પધારેલ આમંત્રિત મહેમાનો

# પ્રથમ પુણ્યતિથિ



## શ્રીમતી ઈન્દિરા જયંતિલાલ વિક્રમશી

દેહવિલય : ૧૭/૧૧/૨૦૧૪

સ્મરણોથી તરબોળ જીવંત ક્ષણોમાં

પાંપણમાં અટકેલા અશ્રુકણોમાં

યાદ આવો છો તમે.....

નયન, જીનાલી
અને
હોશી વિક્રમશી



શિલ્પા
અને
નિષાદ અજાણી

તથા

**સમસ્ત વિક્રમશી અને મોમાયા પરિવાર**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 45-46/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# આ દીપોત્સવ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિને અનિશ્ચિતતાથી અજવાસ તરફ દોરી જનાર બની રહો

પરંપરા પ્રમાણે વ્યાપારી રીતે જ નહીં પણ સામાજિક-ધાર્મિક રીતે પણ વર્ષ આસોની અમાસના પૂર્ણ થતું અને કાતરક સુદ એકમથી નવું વર્ષ શરૂ થયેલું ગણાતું. સમયનું એક એકમ પૂર્ણ થતું હોય અને બીજું શરૂ થતું હોય ત્યારે વ્યક્તિ, સંસ્થા, સમાજ ક્યાં ઊભા છે તેનું સરવૈયું કાઢવાનું મન થવું સ્વાભાવિક છે. વ્યવહારુ જરૂરત પણ છે. જો કે હવે નાણાંકીય વર્ષ સાથે સામાજિક વર્ષ પણ ૩૧મી માર્ચના પૂર્ણ થાય છે તેમજ સંસ્થાની સમિતિઓની મુદત પણ તેની સાથે મેળખાતી હોય છે, તે છતાં દીપોત્સવની ઉજવણી વખતે આપણા જીવનમાં, આપણા સમાજ જીવનમાં કેટલું અંધારુ છે ને કેટલું અજવાળું છે એની વાત ધ્યાન પર લેવા જેવી છે. વિક્રમ સવંત ૨૦૭૦ની દિવાળી અને સંવત ૨૦૭૧નાં સુપ્રભાત વખતે કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ જે પ્રકારની અનિશ્ચિતતા અનુભવી હતી તેની સરખામણીમાં વિક્રમ સવંત ૨૦૭૧ની દિવાળી અને વિક્રમ સવંત ૨૦૭૨ના સુપ્રભાત વખતે બોગદું પુરૂં થવાની નિશાની રૂપ પ્રકાશના કિરણો દેખાવાના શરૂ થાય તે દેખાવા લાગ્યા છે.

મુંબઈ મહાજનની નવી ટીમને દાતાઓનો કેટલો સહકાર મળશે અને તેઓ કેટલાં કામ કરશે, સારી રીતે કરશે કે નહીં કરે તેવી અનિશ્ચિતતા પણ તપસ્વી સન્માન કાર્યક્રમ વખતે મળેલ દાતાઓના ઉમળકાભર્યા સહકાર તથા તે પછી યોજાયેલ પરિચય મિલનની સફળતાથી દૂર થઈ છે.

અનંતનાથ ટ્રસ્ટની વાત કરીએ તો કાંજુરમાર્ગ અને ભાંડુપની મિલકત વિશે ધીમી પણ મક્કમ ગતિએ કામ થઈ રહ્યું છે. ટ્રસ્ટ બોર્ડે ડોંબીવલીની આસપાસ વિશાલ પ્લૉટ ખરીદવાની ઈચ્છા દર્શાવતી જાહેરાત આપી પોતે જ્ઞાતિની રેહઠાણ સમસ્યા ઉકેલવા ઈચ્છુક છે એવા સંકેતો આપ્યા છે.

વેચી નાખવામાં આવેલ અનંતછાયા બાબત જોઈએ તો તેને ઝુંપડપટ્ટી જાહેર કરવામાં આવી તેની વિરૂધ્ધ ચેરીટી કમીશ્નર સમક્ષ દાખલ થયેલ એક અરજીમાં ટ્રસ્ટબોર્ડે તે મુદ્દે ચેરીટી કમીશ્નર જે નિર્ણય લે તે તેને સ્વીકાર્ય રહેશે તેવો અભિગમ લીધો છે પરંતુ બદલાયેલા સંજોગોમાં ટ્રસ્ટબોર્ડ હવે નિશ્ચિત વલણ અપનાવી જ્ઞાતિને કાનૂની દાયરામાં વધારે ફાયદો થાય તેવા પગલા લેવા વિચારી રહ્યું છે જેથી જે અંદાજે જુની આશરે ૪૫ કરોડથી રકમ વ્યાજબી ગણાયેલી તે નવા સંજોગોમાં ન ગણાય તેવો આગ્રહ કરવા અંગે તથા અનંતછાયાના વેચાણમાંથી મળેલ રકમ જ્ઞાતિની રેહઠાણ સમસ્યા ઉકેલવા જ વપરાવવી જોઈએ. તેવી તેની સ્પષ્ટ ભૂમિકા જ્ઞાતિ સમક્ષ પ્રદર્શિત થાય તે અંગે ટ્રસ્ટબોર્ડ સક્રિય બની રહ્યું છે તેવા નિર્દેશો મળે છે તે એક સંતોષપ્રદ બીના છે.

સમસ્ત મહાજનની વાત કરીએ તો તેના વર્તમાન પદાધિકારીઓએ પોતાની મુદત પૂરી થવામાં છે તે વખતે સક્રિયતા દાખવી નારી અને યુવાશક્તિને સંગઠિત કરવા તત્પરતા બતાવી છે.

થોડા સમયમાં નવી ટીમ આવશે. તેમાં જો વર્તમાન ટીમને સરસાઈ મળશે, તો તે સંમેલન ભરવા માટે ફરીથી પ્રયત્નશીલ બનશે. પહેલાં અભિગમ પત્ર તૈયાર કરીએ પછી જ્ઞાતિ સંમેલન ભરીએ એવો આગ્રહ કરનારાઓનું સમસ્ત મહાજન પર વર્ચસ્વ હશે તો આવું અભિગમ પત્ર તૈયાર કરવા બાબત સક્રિયતા આવશે. કાર્યક્રમ તો છે પણ પૈસા ભેગા ન થાય તો તેનું કંઈ મહત્ત્વજ નથી એવું માનનારાઓનું વર્ચસ્વ સમસ્ત મહાજન પર આવશે તો સારું ભંડોળ ભેગું કરવા પ્રયત્ન થશે. જે થાય તે સંસ્થા ગોળ ગોળ ફરીને ત્યાંને ત્યાં પહોંચવાની સ્થિતિમાંથી બહાર આવશે.

જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓની વાત કરીએ તો વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહનું મકાન પૂર્ણતાને આરે છે અને આવતા શૈક્ષણિક વર્ષ વખતે વિદ્યાર્થીઓ ત્યાં રહેતા થઈ જશે એવી જાહેરાત થઈ છે, એ ખૂબ ખુશીની વાત છે. અલબત્ત નુતન વિદ્યાર્થી ગૃહના બાંધકામ, પુર્નવિકાસ અને મેન્ટનન્સ માટે સંચાલકોને ફંડસ-

નાણાની ખૂબજ ખેંચ વર્તાઈ રહી છે. દાતાઓ અને ખાસ કરીને વિદ્યાર્થી ગૃહના ભૂતપૂર્વ છાત્ર આ અંગે ઘણાજ ઉદાસીન રહ્યા છે. તે વાત ખુંચે છે.

ધુલિયા બોર્ડીંગ અને તેની અંગ્રેજી માધ્યમની સ્કૂલ સારી રીતે ચાલી રહી છે.

શિક્ષણ પ્રસારક સમિતિના સંકલનમાં રહી દાતાઓ સારી રીતે શૈક્ષણિક સહાય કરી રહ્યા છે. શિક્ષણ પ્રેમી દાતા-આગેવાન શ્રી રાયચંદ હંસરાજ ધરમશીની સ્મૃતિમાં તેમના પરિવારે રૂા. દસ કરોડનું ભંડોળ કરી તેનું વ્યાજ શૈક્ષણિક સહાય માટે વાપરવાની જાહેરાત કરી છે. તેથી આવતા વર્ષે શૈક્ષણિક સહાયની રકમમાં સારો એવો વધારો થશે.

અલબત્ત નલિયાના શેઠ નરશી નાથા બાલાશ્રમ

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

અને મસ્જિદ બંદર પરની શ્રી ખેતશી ચત્રભુજ ખીંયશી અજાણી વિદ્યાલય તથા તેની મિલકતોના વહીવટ બાબત સંબધિતો ચૂપકિદી સેવીને બેઠા છે. તેઓ સત્વરે સમાજના આગેવાનોની મિટીંગ બોલાવી તે માટેની ભાવિ યોજનાઓ અને સમાજ પાસેની અપેક્ષાઓની ચર્ચા વિચારણા કરે તો સારું. અન્યથા સારી રીતે કામ કરી રહેલ જ્ઞાતિના શૈક્ષણિક ક્ષેત્રમાં આ સોનાની થાળીમાં લોઢાની મેશ જેવું ગણાશે.

શાંતિજિન જાગૃતિ ગ્રુપને સક્રિય થયાને ૨૫ વર્ષ થયા તે નિમિતે તેમણે ઘણા કાર્યક્રમો કર્યા અને તેની સાથે સમાજ ઉત્કર્ષ કાજે વધુ સક્રિય થવા તત્પરતા બતાવી છે. તેઓ પોતાની રજત જયંતીના સમાપન નિમિત્તે ટુંકમાં કચ્છ ભુજમાં ક.વી.ઓ. મહાજન ભુજના સહયોગથી સમસ્ત જૈન સમાજનો સમુહ લગ્ન સમારોહ યોજશે તે રૂપે એ એક નવી ઊંચાઈને આંબશે.

સાધન સંપન્ન ઘરની સન્નારીઓ પોતાના પોકેટમનીમાંથી મધ્યમ વર્ગ અને જરૂરતમંદ વર્ગની મહિલાઓની તંગ પરિસ્થિતિ હળવી બનાવવા માટે સક્રિય બને તેવા ઉમદા ઉદ્દેશ્યથી સ્થપાયેલી પરબ શક્તિ સંજીવની સંસ્થા પણ પોતાના અસ્તિત્વના સાર્થક ૨૫ વર્ષ પૂર્ણ કરી ટૂંકમાં રજત જયંતિ ઉજવશે. રજત જયંતિની ઉજવણીને સીમા ચિહ્ન બનાવવા માટે તેમણે પોતાના સભ્યો તેમજ હિતેચ્છુઓ પાસેથી મોટું ભંડોળ એકઠું કરીને પ્રવૃત્તિનો વ્યાપ વધારવાનો સંકલ્પ કર્યો છે, એ પણ ખુશીની વાત છે.

પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થતા સમાચારો પર નજર કરીએ તો ઘણા બધા નગરોમાં બહેનો દર મહિને-બે મહિને નિયમિત મળતી રહે છે. તેઓ મનોરંજક પ્રવૃત્તિઓ સાથે સતત નવું શીખવા માટે તત્પર હોય છે. અલબત્ત અત્યારે જે રીતે તેઓ મળે છે, તેને કારણે જ્ઞાતિના એકંદર સમાજજીવન પર તેની ખાસ કોઈ અસર નથી પણ તાજેતરમાં સમસ્ત માહજને જ્ઞાતિની નારી અને યુવા શક્તિને રાષ્ટ્રીય સ્તરે સક્રિય કરવાનો જે નિર્ણય કર્યો છે તેના કારણે આમાં જરૂરી હકારાત્મક પરિવર્તન આવશે.

તેવી જ રીતે પ્રગટ થતા સમાચારોને આધારે વિવિધ મહાજનોના માળખા અંગે બે વાત જણાય છે. વસવાટને આધારે જે મહાજનો રચાયા છે, તે ઘણા જ સક્રિય છે. સ્થાનિકે કચ્છમાં જે મહાજનો છે તેની સક્રિયતા પર્યુષણ અને ધ્વજા કે તેવા પ્રસંગો સિવાય ઘટતી જાય છે. આ વાત ધ્યાનમાં રાખીને સમસ્ત મહાજનના માળખામાં સમયોચિત ફેરફારો કરવામાં આવે એ જરૂરી છે.

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના સમાજજીવનના સમગ્ર ચિત્રમાં સૌથી નબળી કામગીરી વસતિપત્રક સમિતિની જણાય છે. આ

સમિતિનું કામ જોકે પદ લીધા વગર સેવાની ભાવનાથી કામ કરે છે તેમની તથા તેમના વચનને આધારે પ્રોફેશનલ સેવા આપતા પ્રોફેશનલની મહેરબાનીથી રોજ રોજ આવતા મેસેજોથી સારી દેખાય છે. જો કે વસતિપત્રક સમિતિ પોતાના બંધારણ પ્રમાણે ચાલતી ન હોવાથી આવી પ્રોફેશનલ સેવાનો વ્યાપ વધારી શકાતો નથી. આશા રાખીએ કે વસતિપત્રક સમિતિ સત્વરે આ બાબત કંઈક કરે.

બીજા સંમેલન વખતે જ્ઞાતિના સમાજ જીવનનું વિકેન્દ્રીકરણ કરી તેને વધુ ચેતનવંતુ કરવાના ઉદેશ્યશી સ્થપાયેલા એકમો આમ જોઈએ તો ત્રીજા સંમેલનમાં સ્થપાયેલા સમસ્ત મહાજનથી સમાંતર સંગઠન ગણાય પણ ખુશીની વાત એ છે કે આ એકમો જ સમસ્ત મહાજનનો સતત મળતો ટેકો બની રહ્યા છે.

આ એકમો સક્રિય છે એટલું સારું છે અન્યથા સમસ્ત મહાજન સ્તરની હુંસાતુસીથી જ્ઞાતિના સમાજજીવનને વેરવિખેર થતા વાર ન લાગી હોત.

જ્ઞાતિના વસવાટ આધારિત મંડળોમાં સૌથી વધુ સ્વયંસેવક બળ ધરાવતા બે મંડળો સર્વોદય મંડળ અને ક.દ.ઓ. ડોંબિવલી મંડળ સતત પ્રવૃત્તિશીલ રહે છે જ્ઞાતિના સમાજજીવનને આધાર આપવા આ બન્ને સંસ્થાઓ પોતાનું સ્વયંસેવક બળ કામે લગાડે છે. આ બન્ને સંસ્થાઓએ વિતેલા વર્ષ દરમિયાન પોતાની પ્રવૃત્તિઓ જાળવી રાખી છે.

સર્વોદય મંડળે આ વર્ષે તેની રજત જયંતી ઉજવી, તેમાં યુવાનોને કેન્દ્રમાં રાખી જ્ઞાતિની યુવા પ્રવૃત્તિને નવા સ્તરે લઈ જવાનો પ્રયાસ કર્યો.

આ વર્ષ જલગાંવ અને ગાંધીધામમાં પણ યુવા કેન્દ્રી પ્રવૃત્તિઓને નવી ઊંચાઈએ પહોંચાડવામાં આવી. આ બધા પ્રયાસો આવનારા વર્ષમાંય ચાલુ રહે અને પરંપરા બને તો યુવાશક્તિને સમાજજીવનમાં લાવવાનું સહેલું બની જશે.

વિદ્યાર્થી સંઘે આ વર્ષે પોતાની પ્રવૃત્તિમાં થોડા ફેરફારો કરી યુવાનો ઉપરાંત મહિલાઓને અને અન્ય જ્ઞાતિ કલાકારોને પણ મંચ આપવા પ્રયત્ન કર્યો. જો કે આ વધારાની જવાબદારી લેવાને બદલે એ રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓ-યુવાઓને સાંકળવાનું કામ ઉપાડી લે તો જ્ઞાતિનાં સમાજજીવનનું ભાવિ સુનિશ્ચિત બની જાય.

કે.ડી.ઓ.કલાસિકે પોતાની ક્રીમ વર્ગ માટેની પ્રવૃત્તિઓ તથા જરૂરતમંદોને તબીબી સહાય કરવાની પ્રવૃત્તિઓ જાળવી રાખી યુવા મંડળ વિકસાવવાની તત્પરતા બતાવી છે તે પણ જ્ઞાતિના સમાજજીવનને સમૃધ્ધ બનાવશે.

કે.ડી.ઓ.સીનીયર સીટિઝન ડીગ્નીટી ક્લબ નિયમિત પ્રવૃત્તિશીલ રહે છે.


# ARIHANT BANK
## SHRI ARIHANT CO-OP. BANK LTD.

ESTD. 1984

**GB 10A & 10B, Karma Stambh, Opp. Kailash Commercial Complex, L.B.S. Marg, Vikhroli (W), Mumbai - 400 083. Phone: 2579 9326 / 96198 46622 Fax: 2579 9323 E-mail: acblho@arihantbank.com**

**IMPORTANT NOTE TO MEMBERS.**

**1) All the members of Shri Arihant Co-operative Bank Ltd. are once again reminded to note that as per the bye laws of the bank, the member should have minimum shares of value Rs. 1000/- ie they should hold minimum 40 shares to continue their membership of the bank. The members having less than 40 shares, to apply for additional shares to make minimum share holding of value Rs. 1000/-, before 31st December 2015. The members who do not enhance their share holding upto 40 shares with share holding Rs. 1000/- value, will loose their right of membership and other benefits of the bank.**

**2) The members holding minimum 40 shares of value Rs. 1000/- are also requested to hold minimum deposit of Rs. 500/- in his/her name in any type of deposit in the bank as per the bye laws of the bank.**

**3) The members having account with other banks are requested to give the details of their bank account to enable the bank to credit the dividends to their account by NEFT/RTGS or any mode.**

**4) The members who have not collected their dividend for the previous years from 2011-2012 to 2014-2015 are requested to collect the same immediately. Dividend remaining uncollected for more than three years will be transferred to Reserve fund of the bank.**

**5) The account holders not operating their account with our bank and/or whose accounts have been classified as Inoperative Accounts, are advised to operate their accounts. As per RBI's latest norms, the bank has to transfer the balance in the Inoperative accounts to The Depositors Education and Awareness Fund account with Reserve Bank of India.**

SHRI ARIHANT CO-OP. BANK LTD. H.O. VIKHROLI MUMBAI

**Chief Executive Officer.**
**(Khetshi D.Khona)**
**Date: 31.10.2015.**

હોપ વન થાઉઝન્ડના સંચાલકો તરફથી અવારનવાર આશાસ્પદ સંકેતો મળે છે પણ તે ઠગારા નીવડે છે તેથી જ્ઞાતિ એમની બાબત બહુ આશાવાદી રહી નથી.

જો કે, વિક્રમ સંવત ૨૦૭૧ના દીપોત્સવ અને વિક્રમ સંવત ૨૦૭૨ના નવપ્રભાત વખતે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ માટે સૌથી હકારાત્મક બાબત જાન્યુઆરી ૨૦૧૬ના પ્રારંભમાં યોજનાર કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈ.ટી એન્ડ એમરજીંગ બિજનેશને મળેલ અસાધારણ પ્રતિભાવ તથા તે નિમિત્તે શરૂ થનાર નીતિ ઉડાન જેવી જે વગદારને વધુ સમજદાર હોય તેને મહાજન કહેવાય તેવી લોકશાહી વિચારોના સ્વીકાર્ય  થયા પહેલાંની ભૂમિકાને અતિ અતિ અતિ આધુનિક રૂપ આપવાની સમજ પ્રમાણે સક્રિય થનાર જ્ઞાતિના પ્રતિકૂળતા અનુભવતાની વહારે આવવા ઈચ્છુક સાનુકુળતાવાળા સવેદનશીલોની સંસ્થાની સ્થાપના એ છે.

વિક્રમ સંવત ૨૦૭૧નું સામાજિક સરવૈયું બતાવે છે કે હકારાત્મક બળોએ નકારાત્મક બળો પર સરસાઈ મેળવવાની વ્યૂહરચના કરી લીધી છે અને ટુંકમાં જ તે સફળતા પણ મેળવશે એવું સમાપન કરી શકાય.

સૌથી મહત્વની વાત એ છે કે આ આશાવાદ રાતો રાત કે આપો આપ નથી આવ્યો. વળી તે માટે સક્રિયો માત્ર રંગીન સ્વપ્ન જ નથી જોતાં આયોજન પૂર્વકની મહેનત કરી રહ્યા છે.

જ્ઞાતિજનોએ શુભમાં શ્રધ્ધા રાખી તેમને સાથ આપવાનો છે કે બાકી કવિ નિરજની કવિતાનો ઉઘાડ છે. **જલ ગયા હૈ દીપ તો અંધિયાર ઢલ કર હી રહેગા !**

## Main Speakers of KDO Global Summit to be held at Bangloru on 8th & 9th January 2016.

- Shri Vijay Sankeshwar (MD of VRL)
- Shri Bharat Khimaji (Hubblli)
- Shri Lalit Maisheri (Mumbai
- Shri Kiran Momaya (Mumbai)
- Shri Kishor Kurwa (Kochi)
- Shri Premchand Motta (Kolkatta)
- Shri Kirit Shah (Mumbai)
- Smt. Tina Dharamshi (Hydrabad)
- Shri Rameshbabu (Bangloru)
- Shri Lalit Shah (Hydarabad)
- Shri Sanjay Dharamshi (Pune)
- Shri Paras & Smt. Amita Dharamshi (Toranto)
- Shri Tarun R. Lodaya (Nigeria)
- Shri Tilakchand Lodaya (Chennai)


।। શ્રી આશાપુરા માતાય નમઃ ।।

# ક.દ.ઓ. પોલડીયા પરિવાર જોગ

**''ગોરંગબાલુડો'' પોલડીયા પરિવાર આયોજીત**

**(ગોએરસમા - રંગપુર - બારોઈ - બાયઠ - લુણી - ડુમરા)**

કચ્છ ઘણીયાણી કુળદેવીમાં આશાપુરા માતાજીની સાતમી પહેડીનું આયોજન તા. ૧૦.૧.૨૦૧૬ રવિવારના રોજ અનંતસિધ્ધિ એ.સી. હોલ ભાડુંપ મધ્યે રાખવામાં આવેલ છે.

આ પહેડી મહાપ્રસાદ પ્રસંગે છ એ છ ગામના પોલડીયા પરિવાર તથા નિયાણી બહેનોને સહ - પરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**સવારના ૮.૩૦ કલાકે મધુબન ગાર્ડન, ભાંડુપ થી વાજતે ગાજતે પૂ. માતાજીનો વરઘોડો શરૂ થશે અને હોલમાં ભાવભર્યું સ્વાગત થશે.**

**• સવારના ૯.૩૦ કલાકે સ્થાપના • ૯.૪૫ કલાકે શાસ્ત્રોત્ત રીતે પૂજન • ૧૦.૩૦ માતાજીને નૈવેદ્ય**

**• ૧૧.૪૫ મહા આરતી • ૧૨.૧૫ : પહેડીના લાભાર્થી પરિવારનું બહુમાન**

**• ૧૨.૩૦ થી રાસગરબા - ભજનોની રમઝટ • ૨.૩૦ આભાર દર્શન અને પુર્ણાહુતિ**

**પહેડી ના લાભાર્થી પરિવાર : ડુમરાવાસી ક.દ.ઓ. પોલડીયા પરિવારો**

તો ચાલો આપણે સૌ પોલડીયા પરિવારો, નિયાણી બહેનો ના સથવારે
ઢોલ - નગારા રાસગરબા તથા ભાવનાની રમઝટે માતાજીની પહેડીનો ભાવપુર્વક લાભ માણીએ.

**લિ. ગૌરંગબાલુડો પોલડીયા પરિવાર વતી,**

શ્રી લક્ષ્મીચંદ લા. પોલડીયા (લ.લા.પો) • શ્રી દીપક દામજી પોલડીયા • શ્રી ભરત શીવજી પોલડીયા
કેતુલ પોલડીયા : 98336 60353, યોગેશભાઈ પોલડીયા : 98693 38808 ના જય માતાજી

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

WEIGHT MANAGEMENT & FITNESS CENTER

Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...**

૨૦-૨૦ વર્ષ સુધી એક્સરખા રીઝલ્ટ આપવા બહુ મુશ્કેલ છે. અમે એક સરખા નહીં પણ એક બીજાથી ચઢીયાતા રીઝલ્ટ આપીએ છીએ. તે પણ બીમારીઓ, ઓપરેશન, સીઝેરિયન, ડિલીવરીઓ કે ગમે તે તકલીફ હોય છે વજન ઉતાર્યાં પછી એવું લાગે કે ક્યારેય જાડા નહતા. લગ્ન પહેલાં હતો તેવો શેપ, સાઈઝ અને વજન આવી જાય છે.

નાલાસોપારા,ડોંબીવલી, સફાળા હોય કે પાલઘર વજન ઉતારનારાઓ માટે રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન કયારેય દૂર નથી.

"અજું બેને નાલાસોપારાથી આવીને વજન ઉતાર્યુ અને વજન ઉતાર્યા પછી એમને સમજાયું કે પોતાના માં કેટલી સ્ફૂર્તિ અને શકિત છે. સમય અને શકતી નો સદુપયોગ કરવા બ્યુટી પાર્લરનો કોર્સ કરી કામ કરવા માગે છે. તમને ભવિષ્યમાં તંદુરસ્ત રહો અને સફળતાઓ એ માટે અમારી શુભેચ્છાઓ."

**નામ નહીં કામ બોલે છે**

**અંજુ પરેશ ગાલા**



પહેલાં



પછી



પહેલાં



પછી

**ટોટલ વજન ઉતાર્યું - ૧૭ કીલો ★ ટોટલ ઈંચ ઉતાર્યા - ૧૧૫ ઈંચ**

"મારું વજન વઘતું જતું હતું, પીરીયડ ૩-૪ મહિના લેટ આવતું હતું. મેનોપોઝ જેવું હતું, વજન વધતું જતું હતું, ચાલવાથી હાંફ ચડતી. ગેસ બહુ થતો, શરીરમાં દુખાવા રહેતા, અચાનક વીકનેસ લાગતી અને પસીનો થઈ જતો. ઘણી દવા કરી પણ કંઈ ફરક પડતો નહતો. એવામાં પત્રિકામાં રાજશ્રી યોગા વિશે વાચ્યું અને અહીં આવ્યા પછી આશ્વાસન લાગ્યું અને કોર્સ ચાલુ કર્યો અને એનું પરિણામ ૪ મહિનામાંજ આવી ગયું. વજનની સાથે તકલીફો પણ ગઈ. નાલાસોપારા થી આવવાંનુ દૂર થતું હતું પણ વજન ઉતર્યા પછી અને બિમારીઓ મટ્યા પછી હવે કાંઈ દૂર નથી લાગતું સ્ફૂર્તિ અને સ્પીડ આવી ગઈ છે. ફરી થી પીરીયડ પણ રેગ્યુલર થઈ ગયો છે. જેઓ વજન ઉતારવા કયાયં નથી ગયા. એમના માટે આ સૌથી સારી જગ્યા છે."

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,

ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

# ભાંડુપમાં ક.દ.ઓ. નો વસવાટ ભાગ-૨

સં : રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ - 09820336767

ભાંડુપ ખાતે કુતરાઓને રોટલા અને પંખીઓને ચણનું ખાતું ચાલતું. ઘઉં અને બાજરાનો આટો લઈ રોટલા/રોટલી મજુરીથી કરાવતા. અહીંના સેનેટોરીયમમાં વાંચનાલય અને જરૂરી દવાઈ પણ રાખવામાં આવતી.

સને ૧૯૦૨ (સં. ૧૯૫૮) પહેલા ભાંડુપમાં વસવાટ માટે ૬૦-૭૦ શ્રીમંતોએ બંગલા/મકાન બાંધવા જમીન બે આના વારના ભાવે ખરીદી પરંતુ સને ૧૯૨૫ (સવંત ૧૯૮૧)નું પ્રથમ વસતી પત્રક જોતા જણાય છે કે ત્યારે આપણી જ્ઞાતિની સંખ્યા કોઈ વધારે ન હતી. પ્રથમ વસતી પત્રક મુજબ મુંબઈ ખાતે જ્ઞાતિ સંખ્યા ૨૯૩૨ હતી. જેમાંથી૮૭ થી ૮૮ ટકા વસતી મસ્જીદ-માંડવી વિસ્તારમાં હતી. પરામાં વસવાટ સંખ્યા ૩૬૦ જેટલી હતી જે પૈકી એકલા ઘાટકોપરમાં સંખ્યા હતી ૨૧૪.

જ્યારે ભાંડુપમાં ૨૮ અને મુલુંડમાં આ સંખ્યા ૨૨ જેટલી હતી. ત્યાર બાદના ૧૦ વરસે ભાંડુપમાં સંખ્યા ૫૦ જેટલી થઈ. સેનેટોરીયમમાં જ્ઞાતિજનો માત્ર હવા ફેર માટે આવતા અને વહીવટ શ્રી શામજી ખીંયસી ભીંયસી ધરમસી-મોટી ખાવડી સંભાળતા. આ ઉપરથી જાણી શકાય છે કે જ્ઞાતિ શ્રેષ્ઠિઓએ જમીન ખરીદેલ પણ જ્ઞાતિજનોનો ખાસ વસવાટ થયો નહીં. કદાચ એ વખતનું ગુંડાઓનું સામ્રાજ્ય, આગરી લોકોની રંજાડથી શ્રીમંતો આગળ આવ્યા નહીં હોય અને મોટા ભાગનાઓએ પાછળથી જમીન વેચી નાખી હશે.

૧૪/૪/૧૯૪૪ના ગોદીના ધડાકા બાદ જ્ઞાતિ વિખરાઈ. કચ્છમાંથી સ્થળાંતરિત થયેલ જ્ઞાતિનો મુખ્ય વસવાટ માંડવી વિસ્તારમાં હતો તે ધડાકા બાદ ઘાટકોપર, મુલુંડ અને ભાંડુપમાં વિસ્તર્યો. સવંત ૨૦૧૩ (સને ૧૯૫૭)ની યાદી મુજબ ભાંડુપમાં જ્ઞાતિજનોના વસવાટની સંખ્યા ૨૯૪ જેટલી થઈ. એ વખતે સેનેટોરીયમમાં વસનારાની સંખ્યા ૮૩ની હતી.

આપણાં સેનેટોરીયમ ઉપરાંત અન્ય વસવાટના સ્થાનમાં જ્ઞાતિજનોની વાડી/ચાલ પ્રમુખ હતા. એ વખતની આપણી વાડીઓ હતી - દામજી નેણસી મોતા, રાયધણજરની વીલેજ રોડ જ્યાં હાલ ટીકીટારની ફેક્ટરી છે તે જુની વાડી અને સ્ટેશન રોડ પરની નવી વાડી, દેસર નેણસી ખોના, વાંકુની વાડી (હીરા ભુવન), શીવજી પુંજાબાઈ ધરમસી (સાંયરા)નો બંગલો, ભીમસી મણસી લાપસીયા (સુથરી)ની વાડી, દામજી લાલજી હેફા (જખૌ)ની વાડી (જીવરાજ આણંદજીવારી), પાલાણી ચાલ, ચંદુલાલ કાનજીની વાડી, માલસી માંયા લોડાયા (રવા)ની વાડી - પીપરમેન્ટવાળાની ચાલ, માનબાઈ કેશવજીની વાડી વિગેરે.

કેહવાય છે કે આપણાં શ્રેષ્ઠીઓ પાસે ભાંડુપ ખાતે એટલી જમીનો હતી કે હાલનો ક.દ.ઓ. મુંબઈ સમાજનો એકજ સ્થળે સમાવેશ કરી શકાત!!! એ.પી.આઈ ફેક્ટરી (ડ્રીમ મોલ) વિસ્તાર

## ❖ શ્રી ખોના કુળગોત્રનાં ''શ્રી જી પીર'' નું સ્થાનક ❖
## ખોના ફલિયા, નલિયા - કચ્છ

ખોના કુળગોત્રનાં ''શ્રી જી પીર''ના સ્થાનકે દર વરસની જેમ આ વરસે પણ પેડીપ્રસાદ નો કાર્યક્રમ માગસર સુદ-૨ (બીજ) તા. ૧૩-૨-૨૦૧૫ રવિવારનાં સવારના સ્થાનકે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે પેડીપ્રસાદ નો લાભ લેવા સૌ ભાવિકો તેમજ નિયાણીઓને સહપરિવાર પધારવા આમંત્રણ છે.

સ્થાનકે પધારનાર સૌએ ઉતારાની વ્યવસ્થા કરી લેવા વિનંતી છે.

-: સંપર્ક :-

| | | |
|---|---|---|
| • અમીત જેઠાલાલ ખોના | ડોંબીવલી | 093217 05511 |
| • ચેતન માણેકચંદ્ર ખોના | ગોરેગાંવ | 093244 61894 |
| • ચીમનલાલ હીરજી ખોના | માટુંગા | 098210 69255 |
| • લીતેશ હીરાચંદ ખોના | ડોંબીવલી | 096194 93472 |
| • ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ | 098206 20499 |
| • લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવા) | ડોંબીવલી | 099204 03950 |

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

## ૭૫મો સમુહ લગ્નોત્સવ ૨૦૧૫

**રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫ • સ્થળ : મુંબઈ**





**સમુહ લગ્ન સમારોહમાં જોડાવવા**

**સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને હાર્દિક નિમંત્રણ...**



**માગસર સુદ ૯**
**શનિવાર,**
**તા. ૧૯-૧૨-૨૦૧૫**
જાનૈયા માનૈયાનું સ્વાગત
નામાંકિત કલાકારો સાથે
સંગીત સંધ્યા તથા
રાસગરબા/દાંડીયારાસ

**માગસર સુદ ૧૦**
**રવિવાર,**
**તા. ૨૦-૧૨-૨૦૧૫**
વરરાજાઓનો વરઘોડો
હસ્તમેળાપ
સન્માન સમારોહ
વસમી વિદાય...

**અવિસ્મરણિય અને અદ્‌ભૂત સમુહ લગ્નોત્સવ ૨૦૧૫ ના બે દિવસના મહોત્સવમાં આપના પુત્ર/પુત્રીના લગ્નો નોંધાવી જોડાવવા માટે ભાવભર્યું આમંત્રણ છે.**

**૭૫માં સમુહ લગ્ન મહોત્સવ નિમિત્તે ઉત્કૃષ્ટ કન્યાદાન કરવામાં આવશે.**

**ફોર્મ મેળવવા માટે સંપર્ક :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદબંદર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૪ ૮૨૭૪

**: લિ. કન્વીનર :**

અરવિંદ લોડાયા - ૦૯૮૬૭૦ ૨૫૩૭૫   ચિમનલાલ નાગડા - ૦૯૩૨૨ ૨૩૨૩૮

# ગુરૂ વંદના કાર્યક્રમ - સંક્ષિપ્ત અહેવાલ

સહર્ષ જણાવવાનું કે પર્યુષણ પર્વના પાંચમાં કર્તવ્ય રૂપે **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદી ઠાણાને વાંદવાનો કાર્યક્રમ **રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫**ના શ્રી વાસુપૂજ્ય જિનાલય ઉપાશ્રય, ઝવેર રોડ, મુલુંડ (પશ્ચિમ) મુંબઈ મુકામે હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયો.

સવારના ૧૧.૦૦ કલાકે શ્રી મોટી ખાવડી, નાની ખાવડી, રંગપુર, દલતુંગી, સેવક ભરૂડીયા, ગોરખડી, ધ્રાફા વગેરે ગામના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના જ્ઞાતિજનો કુલ સંખ્યા ૩૦૦ થી વધુ દેરાસરના ગેટ પાસે એકઠા થયા. મુલુંડ અચલગચ્છ સંઘના ભાઈ-બહેનો દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દરેક ગામના પ્રમુખને પાઘડી પહેરાવી આવકાર આપવામાં આવ્યો. બહેનો દ્વારા ઘડીથી સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ ઘડી વધાવવામાં આવી. વાજતે-ગાજતે સહુ જિનાલયના દર્શન કરી થાળ ધરાવી ૧લે માળે ઉપાશ્રયમાં આચાર્ય ભગવંતને વાંદવા પધાર્યા. ગુરૂ વંદન, બારમાસી ક્ષમાપના વગેરે બાદ આચાર્ય ભગવંત સાહેબે માંગલીક સંભળાવ્યું. પૂજ્ય સાહેબે તેમના પ્રવચનમાં આટલી વિશાળ હાજરી જોઈ પ્રસન્નતા દર્શાવી અને સહુને હળી-મળીને આવા ધાર્મિક કાર્યક્રમ વારંવાર યોજવાની શીખ આપી. ગિરનાર થી હાલાર છ' રી પાલીત સંઘ, સેવક ભરૂડીયા જિનાલયની પ્રતિષ્ઠા, દલતુંગી જિનાલયનો શતાબ્ધિ મહોત્સવ, રંગપુર ગુરૂમંદીરની પ્રતિષ્ઠા તેમજ ગત વર્ષે મોડપરમાં સુપાર્શ્વનાથ જિનાલયની ભવ્યાતિભવ્ય પુનઃ પ્રતિષ્ઠા વગેરે પ્રસંગે હાલારમાં પધારેલ તેની યાદો વાગોળી. હાલારના ગામના સંઘોની શક્તિ અને ભક્તિને બિરદાવી હતી.

મુલુંડ સંઘના આગેવાનો શ્રી દિપકભાઈ ગોશર, શ્રી મુકેશભાઈ મૈશેરી, શ્રી કમલેશભાઈ લાપસીયા, શ્રી ભરતભાઈ મહેશ્વરી તેમજ અન્ય કાર્યકર્તાઓ દ્વારા સાતે ગામના પ્રમુખોનું તીલક, શ્રીફળ, હાર અને મોમેન્ટોથી બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે જામનગર અને મોડપર સંઘના પ્રમુખનું પણ બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે વિવિધ ગામના આગેવાનો દ્વારા પ્રાસંગીક પ્રવચનો થયેલ. પ્રવચનોમાં હાલારના ગામના ભાઈઓ અને બહેનોપાસે 'આશા રાખવામાં આવી કે ભવિષ્યમાં પણ સંગઠન અને સંપ દર્શાવી આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે દરેક ગામમાં અતિથિગૃહ આજના સમય પ્રમાણે આધુનિક બનાવવામાં આવે જેથી વધારેમાં વધારે હાજરી પ્રસંગોપાત થાય. શ્રી બિપીનભાઈ નાગડા, ટ્રસ્ટી રંગપુર દ્વારા પ.પૂ. આચાર્ય ભગવંતને ચાર્તુમાસાર્થે પધારવા વિનંતી કરવામાં આવી અને જણાવ્યું કે આ પ્રસંગ દરેક ગામના સાથ સહકારથી અને સહયોગથી ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે.

શ્રી મુકેશભાઈ મૈશેરીએ મોડપરની પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીની ભારોભાર પ્રશંસા કરી અને આવા કાબીલે દાદ આયોજન બદલ પ્રમુખ શ્રી પંકજ કેશવજી ધરમશી અને અન્ય ટ્રસ્ટીઓને, કન્વીનરો, કારોબારી સભ્યો સૌને ધન્યવાદ આપ્યા. મુલુંડ સંઘે પધારેલ સર્વેનું સંઘપૂજન કરેલ અને સાધર્મિક ભક્તિને લાભ આપેલ.

જ્ઞાતિ ગામના આગેવાનો તરફથી શ્રી મુલુંડ અચલગચ્છ સંઘને રૂા. ૨૫,૦૦૦/- નો સાધારણ ફંડમાં ફાળો આપવામાં આવ્યો. આ ગુરૂવંદના પ્રસંગે મોટી ખાવડી, નાની ખાવડી, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, ગોરખડી અને ધ્રાફા ગામના જ્ઞાતિજનો સંપ અને એકતા દર્શાવી મોટી સંખ્યામાં પધાર્યા તે બદલ તે સર્વેનો ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.

ભવિષ્યમાં પણ આવોજ સંપ, એકતા દર્શાવવામાં આવશે અને ખભે ખભા મીલાવી ધાર્મિક અને સામાજીક કાર્યો કરવામાં આવશે તેવી અભિલાષા.

આ રીતે સૌ આનંદ ઉલ્લાસથી આચાર્ય ભગવંતને વંદન કરી છુટા પડયા. અહેવાલ તૈયાર કરવામાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામી દુક્કડમ.

**લી. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો**
**શ્રી જૈન શ્વે. મૂ. સંઘ - મોટી ખાવડી, શ્રી નાની ખાવડી જૈન ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ,**
**શ્રી અજિનતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી, શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા જૈન સંઘ,**
**શ્રી ગોરખડી - ધ્રાફા જૈન સંઘ,**
**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ તેમજ**
**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના જય જિનેન્દ્ર !**

UPASANA - 9820167767

પણ કે.ડી.ઓ.ની માલિકીનો હતો.

ભાંડુપમાં જુના વસનાર તરીકે નેણસી દેવસી મોતા-રાયધણજરવાળાનું નામ આવે છે. પ્રથમ વસતી પત્રક સને ૧૯૨૬ મુજબ ભાંડુપમાં સંખ્યા ૨૮ની હતી જેમાં પ્રથમ નામ દામજી નેણસી મોતા પરિવારનું છે.

આ પરિવાર ભાંડુપનાં શેઠીયા તરીકે ઓળખાતો અને પ્રથમ ઘંઉલી કાઢવાનું માન એમને મળતું. ભાંડુપ દેરાસરને ચાંદીના ૧૪ (સુપન) સ્વપ્નાની ભેટ આ પરિવાર તરફથી મળેલ છે. સેનેટોરીયમમાં કાયમી વસવાટ ન હતો ત્યારે માત્ર એક મહેતાજી જ ત્યાં રહેતા હતા. દર્શનાર્થે આવનારા યાત્રિકો દર્શન બાદ દામજી નેણસીની વાડીએ જતાં અને ત્યાં ચા-નાસ્તો આપવામાં આવતો. આ પરિવાર ખૂબ જ ધાર્મિકવૃતિવાળા છે અને અનેક ધાર્મિક કાર્યો કરેલ છે. શ્રી ભાંડુપ તપગચ્છ જૈન સંઘના સ્ટેશન રોડ પર રહેતા ભાઈઓને સેવા-પૂજા કરવા કોઈ સ્થાન ન હતું ત્યારે આ પરિવારે પોતાની વાડીમાં ધાર્મિક વપરાસ માટે થોડી જગ્યા આપી જ્યાં સંઘે ગૃહચૈત્ય બનાવ્યું. સને ૧૯૫૨માં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા જે જગ્યાના રીપેરીંગ વખતે ઈશ્વરનગરમાં લઈ ગયા ત્યાં આજે પણ બિરાજમાન છે. શેઠ દામજી નેણસીની વાડીમાં બાદમાં શ્રી શાંતિનાથ ભગવાનની સ્થાપના થઈ અને સને ૧૯૮૮માં સુવિધિનાથને બિરાજમાન કર્યા. સુવિધિનાથની પુનઃપ્રતિષ્ઠા સં. ૨૦૬૪ ચૈત્રવદ ૧૦ રવિવાર તા. ૧૫/૪/૨૦૧૨ ના આચાર્ય શ્રી ચંદ્રાનંદસાગરસૂરિ હસ્તે થઈ. અન્ય પ્રતિમાજી શ્રી આદિનાથ અને શ્રી મુનિસુવ્રત સ્વામીને બિરાજમાન કર્યા. શ્રી ગૌતમસ્વામીજી અને શ્રી પદમાવતી દેવીને બિરાજમાન કરાયા. શ્રી પદમાવતીદેવીની સ્થાપના શેઠ શ્રી દામજી નેણસી પરિવારે કરી. ઉદારદીલ આ પરિવાર પોતાના બંગલામાંની જગ્યા શ્રાવકોને ધાર્મિક અનુષ્ઠાનો-પ્રતિક્રમણ કરવા તેમજ સાધુ-સાધ્વી ભગવંતોને ઉતરવા માટે આપતો. સને ૧૯૪૪માં થયેલ ધડાકા વખતે આપણી જ્ઞાતિના થોડા પરિવારોને પોતાની વાડીમાં વસવાટ માટે આશ્રય આપ્યો. બંગલામાં દિવાન ખંડની છત ઉપર લાડકા ઉપરનું ૮૦ વરસ જુનું પેઈન્ટીંગ, રંગુનના સીસમનું રાચરસીલું, (ફર્નિચર) ઇટાલીની ટાઈલ્સો ભવ્ય ભૂતકાળની આજે પણ યાદ અપાવે છે.

ભાંડુપમાં સૌથી પહેલી લાઈટ અને ટેલીફોન આપણી જ્ઞાતિમાં શેઠશ્રી દામજી નેણસીને ત્યાં આવેલ. સમગ્ર ભાંડુપનાં જ્ઞાતિજનનોને ટેલીફોન પર આવતા સમાચાર આ પરિવાર પહોંચાડી સેવા પુરી પાડતો. એમની પાસે રહેલ દસ્તાવેજ પરથી જાણી શકાય છે કે વિલેજ રોડ પરની જુની વાડી સને ૧૯૦૪માં અને સ્ટેશન પરની નવી વાડી સને ૧૯૧૯માં ખરીદ કરવામાં આવેલ. આ પરિવારની કંપની ટીકી ટાર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડીયા પ્રા.લી. કંપનીએ કોર્પોરેટ ક્ષેત્રે સારું નામ કાઢ્યું છે સ્થાપના ૧૯૬૪ અને જુદા જુદા નવ સ્થળે પ્લાન્ટ ધરાવે છે.

સમય જતાં સેનેટોરીયમ સ્થિત કાષ્ઠનું જિનાલય જીર્ણ થતા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા નવેસરથી શિખરબધ્ધ બંધાવી તેમાં મૂળ નાયક શ્રી આદેશ્વર ભગવાનની પ્રતિષ્ઠા શ્રી ક્ષમાનંદજી મ.સા.ના શુભ હસ્તે સવંત ૨૦૦૨ જેઠ સુદ ૧૦


।। શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ।। ।। સર્વ લબ્ધિ નિધાનશ્રી ગૌતમસ્વામિને નમઃ ।।

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

(ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર એ-૯૪૬ (જામનગર)

**સ્થાનિક એડ્રેસઃ** મુ.પો. મોડપર, તા. લાલપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, પીન કોડ નં. ૩૬૧ ૨૮૦.

**મુંબઈ કાર્યાલયઃ** C/o. આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭. ફોનઃ ૦૨૨-૨૫૦૧૧૭૮૮

### શ્રી મોડપર દેરાસર - હિસાબ કિતાબ - સભાનો અહેવાલ

**રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫**ના રોજ હાલાર પ્રદેશના સાત ગામોના શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિજનો સંઘોના આમંત્રણને માન આપી **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ** આદિ ઠાણાને વંદન કરવા તેમજ મોડપર તીર્થના હિસાબો વર્ષ ૧-૪-૨૦૧૪ થી તા. ૩૧-૦૩-૨૦૧૫ સુધીના હિસાબોની રજુઆત સભામાં ખૂબજ બહોળી સંખ્યામાં હાજર રહી એકતાનું પ્રતિબિંધ પાડેલ તે સર્વેનો સર્વે સંઘો વતી ખૂબજ આભાર માનીએ છીએ.

સવારના ૧૦.૦૦ વાગ્યે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મોડપર તીર્થનો હિસાબી વર્ષ ૨૦૧૪-૧૫ એવમ્ પ્રતિષ્ઠાના કન્વીનર શ્રી ચિમનભાઈ મેઘજી મોતા તેમજ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરીમાં શ્રી પંકજભાઈ કેશવજી ધરમશીએ પ્રમુખ સ્થાન શોભાવેલ. શ્રી ઉત્તમ હેમરાજ લોડાયાએ હિસાબની રજુઆત કરેલ. તીર્થના ખજાનચી ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર રતનશી શાહ / લોડાયાએ આવક-જાવક પર વિસ્તૃત પ્રકાશ પાડેલ. હિસાબ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

**લી. શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય**

ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીગણ, કન્વીનરો અને કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર વાંચશોજી.

UPASANA - 9820167767

(૯/૫/૧૯૪૫)ના રોજ કરવામાં આવી. મુળનાયક શ્રી આદેશ્વર ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શેઠ શ્રી હીરાચંદ હીરજી ખેતસીએ તથા આજુ-બાજુની પદમપ્રભુ તથા ચંદ્રપ્રભુ પ્રતિમાજી પ્રતિષ્ઠા લાભ શ્રી દામજી નેણસી કાથાવાલા તથા શ્રી દેવજી દામજી ખોનાએ લીધો. અસલનાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાને ઉપરના માળે ગાદી નશીન કરાયા જેનો લાભ શ્રી ધનજી કાનજી પીપરમેંટવાળાએ લીધેલ. આદેશ્વર ભગવાનની પ્રતિમાજી શેઠ શ્રી કેશવજી નાયકના અંજન શલાકા વખતની સં. ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫)ની છે.

સેનેટોરીયમ અને જિનાલય વહીવટનો શ્રી ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈ હસ્તક હતો તે તા. ૨/૮/૧૯૬૦ના ઠરાવ મુજબ શ્રી અનંતનાથજી ટ્રસ્ટને સોંપાયો. ટ્રસ્ટે અહીં ૪-૪ મજલાનાં ૪ મકાનો બાંધ્યા જેમાં જુના રહેવાસીઓને બિલ્ડીંગમાં ફ્લેટ ફાળવવામાં આવ્યા અને B-C-D બિલ્ડીંગમાં જ્ઞાતિના આર્થિક રીતે નબળા ૪૬ પરિવારોને વસવાટ માટે અને ૧૯૭૯માં ફાળવવામાં આવ્યા. જેથી ભાંડુપ ખાતે જ્ઞાતિજનોની સંખ્યામાં સારો વધારો થયો.

આગળના ભાગમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહના નામે એક-બે માળનાં વિવિધલક્ષી હોલનું નિર્માણ કરવામાં આવ્યું જેની નામકરણ વિધી રૂા. ૨૫૦૦૧ ના નકરાથી શ્રી ટોકરસી આણંદજી લાલકા, લાલાના હસ્તે સં. ૨૦૩૬ આસો સુદ ૧૦ (વિજયાદશમી) તા. ૧૯/૧૦/૧૯૮૦ના રોજ કરવામાં આવી. આ ઉપરાંત સંકુલમાં ઉપાશ્રય, મહિલા, ગૃહ ઉદ્યોગ, અતિથિગૃહ તથા જ્ઞાતિની પ્રથમ બેંક માટે બાંધકામ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત જિનાલયનું નૂતનીકરણ કરવામાં આવ્યું. સં. ૨૦૬૧ વૈશાખ વદ ૫ના બે જિનબિંબો મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા તા. ૨૮/૫/૨૦૦૫ના રોજ સ. ૮.૧૭ કલાકે અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજીના હસ્તે થઈ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રતિષ્ઠા લાભ શ્રી જેઠાભાઈ ખીમજી લાપસીયા (સાંયરા, રાયચુર) અને શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા લાભ શ્રી કાંતીલાલ ખીમજી ગોસર (બારોઈ, મસ્જીદ)એ લીધેલ. નવા પ્રવેશ દ્વાર અને બંન્ને તરફની ચોકીના નામકરણનો લાભ મા. રતનબેન કાંતીલાલ દામજી નેણસી મોતા પરિવારે લીધેલ. રંગમંડપમાં નૂતન દેવીકુલીકામાં શ્રી મહાકાળી માતાજી, શ્રી પદમાવતી દેવીજી તથા શ્રી અંબિકા દેવીજીની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રતિષ્ઠા પ્રસંગે તથા પૂ.સા.શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા. અને પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. (સંસારી પક્ષે માતા-પુત્રી)ના સંયમ જીવનના રજત અવસરે અષ્ટાહિનકા મહોત્સવ તા. ૨૨/૫/૨૦૦૫ થી તા. ૨૮/૫/૨૦૦૫ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. અને વિશાળ સાધુ-સાધ્વીવૃંદ અને પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં ઉજવાયો.

૧૧૨ વર્ષ પ્રાચીન ભાંડુપ તીર્થે અનેક ધાર્મિક પ્રવૃતિઓ થયેલ છે. અનેક દીક્ષાઓ, ઓળી, અનુષ્ઠાનો, ચાતુર્માસો, મહોત્સવો ઉજવાયા છે.


**નવમી પુણ્યતિથી નિમિત્તે આદરાંજલિ**

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**
વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની
છઠ્ઠી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.
-: શ્રધ્ધાસુમન :-
**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી**
તથા
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
(બાંઢિયા-ઐરોલી)



**બીજી પુણ્યતિથી નિમિત્તે આદરાંજલિ**



જન્મ :
૧૪/૧/૧૯૪૯
સાંધવ

ચીરવિદાય :
૧૨/૧૧/૨૦૧૩
મુંબઈ

**વીરચંદ લાલજી (લોડાયા) પટેલ**
સાંધવ - મુંબઈ
આપની વિદાયના બે વર્ષ બે-યુગ જેવા વિત્યા છે.
પ્રભુ દરબારે એવી શું ખોટ હતી જે આપને
અમારાથી ઝૂંટવી વજ્રઘાત કરેલ.
-: આપના શૌકાતૂર પરિવાર :-

| | |
|---|---|
| પત્ની | : **જયાબેન વીરચંદ પટેલ લોડાયા** |
| પૂત્રી | : **જયશ્રી વીરચંદ પટેલ લોડાયા** |
| પૂત્રી-જમાઈ | : **અલ્પા હિતેશ નાગડા** - વારાપધર |
| દોહીત્ર | : **ચિ. રોનીલ હિતેશ નાગડા** - વારાપધર |

● સવંત ૧૯૬૮ મહાસુદ ૧૧ સોમવારે બાયઠના ખેરાજ પુંજાના ભત્રીજા ધનજી ઘેલાભાઈની તથા નાગલપુરનાં દેવાંબાઈની દીક્ષા અહીં થયેલ તથા એમના નામ ''ધર્મસાગરજી'' અને ''દાનશ્રીજી'' આપવામાં આવેલ.

● સવંત ૧૯૮૪માં આ.શ્રી દાનસાગરસૂરિની નિશ્રામાં રવાના ચાંપસી તથા માલસી માંયાએ ઉપધાન તપનો મહોત્સવ ભાંડુપમાં ઉજવેલ તથા સાધ્વીશ્રી કમલશ્રીજી (સંસારી નામ કુંવરબાઈ હરપાર કાયાણી-જખૌ) તથા સાધ્વીશ્રી કલ્યાણશ્રીજી મ.સા. (રવા)ની દીક્ષા થયેલ. અચલગચ્છીય સમાચારી પ્રમાણે ઉપધાન તપ ઉજમણું નિષેધ છે. જ્ઞાતિમાં આ ઉજમણા બાબત ઉહાપોહ થયો. મહોત્સવ બાદ જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ ગુરૂદેવ સમક્ષ રજૂઆત કરી. ગુરૂદેવ દાનસાગરસૂરિને પોતાની ભૂલ સમજાઈ અને સંઘ સમક્ષ કબૂલાત કરી અને પ્રાયશ્ચિતરૂપે જીંદગીભર એકાસણાની પ્રતિજ્ઞા લીધી. પચ્ચીસમાં તીર્થંકર સંઘ પ્રત્યે કેટલો આદર !!

● સાંયરાના સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી તથા સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંસારી નામ ગં.સ્વ. ગુણવંતીબેન જેઠાબાઈ લાપસીયા તથા કુ. હેમલતાબેન જેઠાભાઈ લાપસીયાની દીક્ષા અંહી સં. ૨૦૩૭ સને ૧૯૮૧માં થયેલ.

● નૂતન જિનાલયની ૫૦મી વરસગાંઠ નિમિત્તે તા. ૨૩-૫-૧૯૯૬ થી તા. ૨૦/૫/૧૯૯૬, સવંત ૨૦૫૨ જેઠ સુદ ૬થી જેઠ સુદ ૧૩ના ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયેલ જેમાં લઘુશાંતિ સ્નાત્ર, સિધ્ધચક્ર પૂજન અને ત્રણ નાત જમણ થયેલ. આ મહોત્સવ પૂ.શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. તથા યતિવર્ય પૂ.શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં થયેલ.

● થોડા મહિના અગાઉ ભાંડુપના કુ. હેતલ મણીલાલ પદમસી ખોના-સાંધવનો ભવ્ય દીક્ષા મહોત્સવ તા. ૨૦/૪/૨૦૧૫ થી તા. ૨૪/૪/૨૦૧૫ દરમ્યાન ઉજવાયેલ.

● આપણી જ્ઞાતિમાં શ્રી મહાકાલી માતાજીની ભાવના સને ૧૯૫૪થી નિયમીત રીતે ભણાવવામાં આવે છે. ભાંડુપ ખાતે વરસોથી ભાવનાનો કાર્યક્રમ નિયમીત રીતે થઈ રહ્યો છે. શરૂઆતમાં શ્રી મહાકાલી મંડળ દ્વારા અને છેલ્લા ૩૫ વરસથી શ્રી અનંત મિત્ર મંડળ ભાવના ભણાવી રહ્યું છે. આ મંડળે ૩૫૦૦થી વધુ ભાવનાઓ વિવિધ સ્થળે નિઃશુલ્ક ભણાવેલ છે, છેલ્લા ૨૧ વરસથી નવરાત્રિ ભાવના તથા ૧૧ વરસથી પાવાગઢ સંઘ યાત્રાના આયોજનો કરી રહ્યું છે.

ભાંડુપ ખાતેનું આપણું જિનાલય સૌથી પ્રાચીન હોઈ, ભાંડુપ વસતાં તમામ જૈનો આ તીર્થ પ્રત્યે અપાર શ્રધ્ધા ધરાવે છે. ભાંડુપના બધા જૈન યુવક-યુવતીઓ લગ્નબાદ દાદાનાં આર્શીવાદ લેવા અચૂક આવે છે. વરસોથી આ શિરસ્તો અવિરતપણે ચાલતો આવે છે.

– સંપૂર્ણ


મુલુંડ તીર્થનાયક શ્રી વાસુપૂજ્ય-સુમતિ-શંખેશ્વરપાર્શ્વનાથાય સ્વામીને નમઃ

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે,

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંગાથે

shantijin

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ

SILVER JUBILEE 25 1991 - 2015

રજત જયંતી મહોત્સવ નિમિત્તે

જ્ઞાન સંસ્કાર પર્વ

સંસ્કાર ઘડતર શિબિર

શુભનિશ્રાઃ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મહારાજા

સહયોગી દાતા

શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર

(લાખણિયા-વડાલા)

એક સદ્‌ગૃહસ્થ પરિવાર, મુંબઇ

પ્રારંભઃ ૧૨ નવેમ્બર ૨૦૧૫ ▪ પૂર્ણાહુતિઃ ૧૮ નવેમ્બર ૨૦૧૫

સ્થળઃ શ્રી વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૮૦

જીવનનું ઘડતર અને જ્ઞાનનું નિરૂપણ કરતી શિબિરમાં

સૌ બાળકો અને યુવાનોએ જોડાવા ભાવભર્યું આમંત્રણ !

લિ. જયેશ જૈન, અધ્યક્ષ,

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ

mangrol@gmail.com


## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ એને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૭-૧૧-૨૦૧૫ ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યા થી ૧ દરમ્યાન પરબશક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાજુંરમાર્ગ (ઈસ્ટ)માં **હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે** હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

**કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે** હોમિયોપેથીક મેડીકલ કેમ્પ શનિવાર તા. ૨૮-૧૧-૨૦૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા. ૨૯-૧૧-૨૦૧૫ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

કાંજુરમાર્ગમાં રજીસ્ટ્રેશન ના રૂા. ૫૦ અને ચેંબુરમાં રૂા. ૧૦૦ ત્યાં આવીને ભરવાના રહેશે. શ્રીમતી શ્વેતા મિતેશ શાહ – **09619270430** પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી – ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.

જ્યોતિ હવે માટુંગામાં જ !

દિવાળી સુધી રવિવારે પણ ચાલુ...

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,

માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574

।। શ્રી આદિનાથાય નમઃ ।।

# શ્રી . ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**મુંબઈ કાર્યાલય :** – ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં.૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ,
ડૉ.આર.પી. રોડ, જવાહર ટોકિજની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬

**વધામણા....વધામણા....વધામણા.....આનંદોત્સવના વધામણા**
**૧૧મી ધ્વજારોહણનાં વધામણા...પ્રભુ આદિનાથના ધામે**

**સંઘના સર્વે ગામવાસી નિયાણી બહેનો તથા જ્ઞાતિજનો....**

જય જિનેન્દ્ર સાથે સહર્ષ જણાવવાનું કે, શ્રી આદિનાથદાદાની અસીમકૃપા અને પૂ. ગુરૂભગવંતોના શુભાશિષ વર્ષાની સાથે આપણા ગામના દેરાસરની ૧૧મી વર્ષગાંઠ ધ્વજારોહણ પ્રસંગે ઉલ્લાસ અને ઉમંગભેર ઉજવવા શ્રી સંઘે દ્વિદિવસીય મહોત્સવનું આયોજન કરેલ છે.

સંસારી સંબંધોની સાલગિરા, જન્મદિવસ ખૂબ ઉજવ્યાં, હવે દાદાનાં દેવાલયની સાલગિરાનો પ્રસંગ આવ્યો. સૌના અંતરમાં પધરામણી કરનારા, અલબેલા દાદા આદિનાથદાદાની લીલા છે અપરંપાર ૧૧ વર્ષથી જેમણે કર્યું છે સેવક ભરૂડીયા ગામ પર રાજ. એવા પ્રભુના દેરાસરની ધ્વજા મહોત્સવ પ્રસંગના પડઘમ વાગી રહ્યાં છે. સૌ થઈ જજો તૈયાર, શ્રી આદિનાથદાદાની છાયા, અચલગચ્છાધિપતિશ્રીના આશિષ વર્ષાની સાથે સહુ ગામવાસીઓ, નિયાણી બહેનોનો સંગાથ જે બનાવશે પ્રસંગને દેદીત્યમાન સમગ્ર જ્ઞાતિજનોના ભાવિક ભક્તોની પધરામણી સોનામાં સુગંધરૂપ મહોત્સવને સુગંધી બનાવશે.

## કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| **પ્રથમ દિવસ** | - | મહા વદ ૧૩ ને રવિવાર તા.૬/૩/૨૦૧૬ |
| | | બપોરે - ૧.૩૦ કલાકે અઢાર અભિષેક |
| | | સાંજે - ૭.૦૦ કલાકે આરતી તથા રાત્રીભાવના |
| **દ્વિતીય દિવસ** | - | મહા વદ ૧૪ ને સોમવાર તા. ૭/૩/૨૦૧૬ |
| | | સવારે - ૮.૦૦ કલાકે સત્તરભેદી પૂજા |
| | | સવારે - ૧.૩૦ કલાકે ધ્વજારોહણ |
| | | બપોરે - ૧.૦૦ કલાકે ભક્તામણ પૂજન |
| | | સાંજે - ૭.૦૦ કલાકે મહાઆરતી તથા રાત્રીભાવના |

આ સોહામણા ૧૧મી ધ્વજા મહોત્સવ પ્રસંગે સૌને પધારવા શ્રી સંઘ તરફથી અને કાયમી ધજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર તથા તેમના ધર્માનુરાગી સુપુત્રો શ્રી મહેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ, શ્રી રાજેશભાઈ તરફથી સર્વેને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**આ ૧૧મી ધ્વજા મહોત્સવ પ્રસંગે આયોજિત કરેલ દ્વિદિવસીય મહોત્સવનો**
**સંપૂર્ણ લાભ પણ કાયમી ધજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવારે લીધેલ છે.**

આ પ્રસંગે આવવા ઈચ્છુક ભાઈ-બહેનોએ નીચેના ટ્રસ્ટીઓને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી.

| | | | |
|---|---|---|---|
| જયેશ જી. લોડાયા | હિતેશ વિ. નાગડા | ચંદ્રેશ જે. દંડ | દર્પણ એન. દંડ |
| 07506093970 | 9820670039 | 9967018785 | 09321057598 |

**મહોત્સવમાં યોજાશે અનુષ્ઠાન, વધશે જિનશાસનની શાન....**
**ગાઈશું અદિનાથનાં ગુણગાન, બનીશું ભક્તિરસમાં મસ્તાન....**

એજ લી. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અ.જૈન સંઘ**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

### ઉપધાન વિધિ (ગતાંકથી ચાલુ)

**પ્રશ્ન :** શ્રી અચલગચ્છમાં 'મહાનિશીથ'માં કહેલ ઉપધાન વિધિ તથા માળારોપણ કેમ નથી માનતાં ?

**ઉત્તર :** મૂળ મહાનિશીથ ગ્રંથ ઉધઈ લાગવાથી નષ્ટપ્રાયઃ થઈ ગયો હતો પછી પાછળથી ફરી ગ્રંથ વ્યવસ્થિત કરવામાં આવ્યો. ત્યારે આ ગ્રંથની કેટલીક બાબતો શંકાસ્પદ અને ઘણા મહાત્માઓ માટે અવિશ્વાસનીય બની છે. આવી કેટલીક બાબતો નીચે જણાવવામાં આવી છે.

- વાયુકાયના પરિભોગમાં, તેઉકાયના સમારંભમાં અને મૈથુન એ ત્રણેમાં બોધિ ધાતજ થાય છે. તેમાં કંઈ પ્રાયશ્ચિતથી શુદ્ધી થઈ શકે નહિ.
- માર્ગે ચાલતા સાધુએ સો સો ડગલે ઈરિયાવહી પડિકમવી.
- આર્યાઓથી તેર હાથ વેગળા રહેવું અને મનથી શ્રુતદેવીની માફક સર્વ સ્ત્રીઓને પરિહરવી.
- કલ્પ નહિ વાપરે તો ચઉત્થનું પ્રાયશ્ચિત આવે.
- કલ્પ પરિઠવે તો દ્વાદશમતપનું પ્રાયશ્ચિત આવે.
- પાત્રાબંધની ગાંઠો નહિ છોડે તો ચઉત્થ લાગે.
- આઠ સાધુઆથી ઓછા સાધુઓને ઉત્સર્ગે કે અપવાદે સાધ્વીઓ સાથે ચાલવું ન કલ્પે. ત્યાં વળી સાધ્વીઓ પણ ઉત્સર્ગે ઓછામાં ઓછી દશ અને અપવાદે ચાર જોઈએ. વળી તેવી રીતે ચાલવું પણ સો હાથ સુધીજ કલ્પે તે ઉપરાંત સાથે ચાલવું ન જ કલ્પે.
- કાળી જમીનથી પીળીમાં જતાં, પીળીથી કાળીમાં જતાં, જળથી સ્થળમાં જતાં, સ્થળથી જળમાં જતાં વિધિએ કરી પગ પ્રમાર્જી પ્રમાર્જી ને દાખલ થવું. નહિ પ્રમાર્જે તો બાર વરસનું પ્રાયશ્ચિત આવે.

## શ્રી . ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ


**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો.દલતુંગી, જી.જામનગર - ૩૬૧૨૮૦
**મુંબઈ કાર્યાલય :** - C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિમિટેડ, ગાલા નં.૯૯, ન્યુ યુનિક ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, ડૉ.આર.પી. રોડ, જવાહર ટોકિજની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૯૩ ૯૬૯૬
Email : sevakbharudiyatrust@gmail.com  Website : www.sevakbharudiyatrust.in


### ❖ ૧૦મી વાર્ષિક સામાન્ય સભા ❖

સર્વે સભ્યો જોગ,

જય જિનેન્દ્ર, આપણા સંઘની ૧૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩-૧૨-૨૦૧૫ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**એજેન્ડા**

(૧) ગત સામાન્ય સભાની મીનીટસ્‌નું વાંચન તથા તેને બહાલી. (૨) વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ઓડિટેડ હિસાબને મંજૂરી આપવી. (૩) વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ઓડિટરની નિમણુંક કરવી. (૪) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા

**નોંધ :** કોરમને અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

**સભાનું સ્થળ :** શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, શિશુકુંજ હોલની પાછળ, વાલજી લધ્ધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦. **સમય :** બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (ચા-પાણી તેમજ અલ્પહારની વ્યવસ્થા રાખેલ છે.)

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડીટ રિપોર્ટ જોવા તા. ૨-૧૨-૨૦૧૫ થી ૫-૧૨-૨૦૧૫ દરમ્યાન બપોરે ૪ થી ૬ વચ્ચે મુંબઈ કાર્યાલયે જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ www.sevakbharudiyatrust.in ઉપર મુકવામાં આવેલ છે. સભ્યો ત્યાં જોઈ શકે છે.

એજ લી. **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી**

રાજેશ કાંતિલાલ ધરમશી (માનદમંત્રી) હીતેશ વિશનજી નાગડા (સહ માનદમંત્રી)

● રજ્જા સાધ્વીના અધિકારે કેવળી મહારાજે રજ્જાને કહ્યું કે તમે બીજી સાધ્વીઓ આગળ બોલ્યા જે પ્રાસુક જળથી મારું શરીર બગડ્યું તેથી હવે એવું કોઈ પ્રાયશ્ચિત નથી જે તમારી શુદ્ધી કરે.

● જે સ્ત્રી મનથી પણ શીયળ ખંડે તો તે સાતવાર સાતે નરકે જાય.

● કોઈ માણસ આ ભવમાં ઉગ્ર સંયમ તપ કરી શકતો ન હોય છતાં સુગતિએ જવા ઇચ્છતો હોય, તો તે જો રજોહરણની એક દશી પણ ધારી રાખે તો હે ગૌતમ ! મારી બુદ્ધિએ સિદ્ધિક્ષેત્રની ઉપરલી માંડવીમાં ઉત્પન્ન થાય.

● ઉપાનહ સહિત ચાલે તો ફરી ઉપસ્થાપના લાયક થાય.

● સોળ દોષ રહિત છતાં સાવધ વચન બોલે તો ઉપસ્થાપના લાયક થાય.

● સહસાત્કારે પણ જો રજોહરણ ખંધપર નાંખે તો ઉપસ્થાપના લાયક થાય.

● સ્ત્રીના અંગોપાંગને હાથવડે, પગવડે, દંડવડે, હાથમાં ધરેલ દર્ભની અણીવડે કે પગથી ઉડાવેલ રજવડે પણ જો સંઘટ્ટો કરે તો તે પારાંચિત પ્રાયશ્ચિત પામે.

● ચૈત્યવાંદ્યા વિના સૂતાં, તથા ગુરૂની પાસે ઉપધિ-દેહ તથા અશનાદિકને સાગરી પચક્ખાણ કરી વોસરાવ્યા વગર સૂતાં તથા કાનના વિવરમાં કપાસ પૂર્યા વગર સૂતાં ઉપસ્થાપના પ્રાયશ્ચિત આવે.

● વાતના પ્રસ્તાવમાં વાત ચાલી છે તેણે પૂર્વના ભવમાં

## શ્રી સચ્ચામાં દંડ પરિવાર સેવક ભરૂડિયા

### અગીયારમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

# નૂતન વર્ષાભિનંદન

કુળદેવી શ્રી સચ્ચામાતાજીની વરસી રહેલી અસીમકૃપા તેમજ કુટુંબીજનો તથા નિયાણી બહેન, દીકરીઓના સાથ, સહકારથી અગીયારમી સમૂહ પહેડી તથા 'સ્નેહમિલનનું મંગલકારી ભવ્ય પ્રસંગ આપણે દાદીશ્રી મીઠામા ગોવિંદજી ખીમજી દંડ પરિવારના સથવારે ઉજવીશું.

| | |
|---|---|
| **કાર્યક્રમ :** રવિવાર, તા. ૧૦/૧/૨૦૧૬ (પોષ સુદ ૧)<br>**સમય :** સવારે ૮.૩૦ થી સાંજે ૮.૩૦ સુધી | **શુભ સ્થળ :**<br>જૈનમ ક્લાસિક (A/C હોલ), ગ્રાઉન્ડ ફ્લોર,<br>એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮. |

### સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો અમૂલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર

**માતુશ્રી લીલબાઈ કેશવજી ગોવિંદજી દંડ પરિવાર** — **માતુશ્રી વેલબાઈ પોપટલાલ લખમશી દંડ પરિવાર**

**માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર** — **માતુશ્રી દમયંતીબેન જીવરાજ લખમશી દંડ પરિવાર**

**માતુશ્રી પુષ્પાબેન શાંતિલાલ લાલજી દંડ પરિવાર**

આ શુભ પહેડી પ્રસંગે શ્રી સચ્ચામાંને નમતા સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તેમજ નિયાણી બહેન, દીકરીઓને સહપરિવાર પધારવા **શ્રી સચ્ચામાં દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી હેતભર્યું આમંત્રણ છે.** આપણે સહુ સાથે મળી પ્રેમથી ઉત્સાહથી આ શુભ પ્રસંગને ભક્તિગીત તથા રાસ ગરબાની રમઝટ સાથે દીપાવવાનું છે.

આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત અથવા સમૂહમાં કાર્યક્રમ આવવાની ઇચ્છા હોય તો તેમણે તા. ૩/૧/૨૦૧૬ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે નીચે આપેલ કાર્યકરીને જાણ કરવા વિનંતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મનોજ દંડ | - | 98213 34417 | મયુર દંડ | - | 98196 63555 |
| પંકજ દંડ | - | 90048 41222 | ચંદ્રેશ દંડ | - | 80973 50740 |
| નિલેશ દંડ | - | 99204 16978 | અલ્પેશ દંડ | - | 93200 57598 |

ચેતન દંડ - 98213 50952

એજ લિ. **શ્રી સચ્ચામાં દંડ પરિવાર કાર્યકર ગણ.**

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓના સરનામા બદલાયા હોય અથવા નિમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.

**|| શ્રી સચ્ચામાં દંડ પરિવારના જય માતાજી ||**

સાધુપણામાં વચનદંડ પ્રરૂપ્યુ હતું તેથી તે કારણે આ ભવે તેણે યાવજજી મૂકવ્રત ધારણ કર્યું.

● સ્તવ-સ્તુતિવડે ત્રિકાલ જે ચૈત્ય ન વાંદે તેને પહેલીવાર તપ, બીજીવાર છેદ અને ત્રીજીવાર ઉપસ્થાપના આવે.

● અવિધિએ ચૈત્ય વાંદે તો પારાંચિત (પ્રાયશ્ચિત) લાગે.

● સહસાત્કારે વાસી ભોજન લેવાઈ ગયું તે જો તત્કાળ નિરૂપદ્રવસ્થંડિલ ભૂમિમાં નહિ પરઠવે તો માસખમણ પ્રાયશ્ચિત લાગે.

● રાતે જે છીંકે કે ખાંસી કરે અથવા ફળક, પીઠ કે દંડ થી થોડો પણ અવાજ કરે તો માસખમણ પ્રાયશ્ચિત આવે.

આવી ઘણી ઘણી વાતો મહાનિશીથ ગ્રંથમાં છે જે અન્ય ગચ્છવાળા પણ પોતે માનતા નથી. આવા એકમાત્ર ગ્રંથના આધારે ઉપધાનને કેમ માન્ય કરાય ? અર્થાત ન જ કરી શકાય. જ્યાં ઉપધાનને જ માન્યતા ન હોય ત્યાં માળારોપણ કેમ માની શકાય ? માળા રોપણ-ચઢાવા આ બધી વાતો ચૈત્યવાસી યતિઓ તરફથી જિનશાસનને મળેલી સાચી (?) કે ખોટી ભેટ છે. ચૈત્યવાસી યતિઓએ જ આરતિ - મંગળદીવો એની બોલીઓ આદિનો પ્રારંભ કરીને ખોટી પૈસા કમાવવાની પરંપરાઓ ઉભી કરીને શુદ્ધ જૈન શાસનને પૈસાથી કલંકીત કરીને સ્વયં પણ પતિત પરિણામી બન્યા છે. આજે પણ આ ઉછામણીઓના કારણે સાચા ગુણી કે ધર્મી વ્યક્તિઓ કરતાં પૈસાવાળી વ્યક્તિઓનું શાસન ઉપર પ્રભુત્વ છે. જે બાબતો અતિ વિચારણીય છે. ગંભીર છે.

(ક્રમશઃ)

## સામાન્ય પ્રશ્નોત્તરી

પ્રશ્ન : શ્રાવકને ગરમ (ઉકાળેલું) પાણી શા માટે પીવું જોઈએ ? સચિત્ત પાણીને અચિત્ત કરવા આરંભ તો કરવોજ પડે, તેથી જો સચિત્ત પાણી જ પીએ તો ન ચાલે ?

ઉત્તર : ખાસ પીવા માટે શ્રાવકે ઉકાળેલું અચિત્ત જલ જ વાપરવું જોઈએ. એમ કરવાથી શ્રાવકને નીચે મુજબ લાભ થાય છે -

● જિનાજ્ઞાનું પાલન થાય છે.

● સચિત્ત વસ્તુની મૂર્ચ્છા દૂર થાય એ ઘણો મોટો લાભ છે. ઈચ્છા છે ત્યાં મૂર્ચ્છા છે અને જ્યાં ઈચ્છા. મૂર્છા છે ત્યાં કર્મબંધન છે. અચિત્ત પાણી પીવાથી આવા કર્મબંધનથી બચી જઈએ છીએ.

● અચિત્ત જલ બધી જગ્યાએ સુલભ નથી હોતું. તેથી ક્યારેક તૃષા (તરસ) પરિષહ સહન કરવો પડે છે... તેથી સહનશીલતા વધે છે અને કર્મ નિર્જરા થાય છે.

● સદા અચિત્ત જલ વાપરનાર સાધુ-સાધ્વીજી ભગવંતોને સુપાત્રદાન આપવાનો લાભ મળે છે.

● સચિત્ત જલમાં ક્ષણે ક્ષણે જીવો ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે, આવો આરંભ ટળી જાય છે.

● શ્રી આનંદાદિ શ્રાવકોએ પાળેલા આચારની અનુમોદનાનો લાભ મળે છે.

ઉપરોક્ત લાભ મેળવવા શ્રાવકે અવશ્ય સચિત્ત જળનો ત્યાગ કરવો જોઈએ.


ભરત લોડાયા (વારાપધર)
099138 21083

હરીશ લોડાયા (વારાપધર)
099791 98899





# જૈનમ ટ્રાવેલ્સ

અમારી સેવાઓ : એસી, નોન એસી ગાડીઓ ભાડેથી મળશે.

રેલ્વે ટીકીટ, એર ટીકીટ - હોટલ બુકીંગ માટે સંપર્ક કરો.

ઓફીસ : નરનારાયણ નગર, માધાપર હાઈવે, માધાપર, તા. ભુજ-કચ્છ.

E-mail : jainamagro13@gmail.com

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

૧. ઘી, તેલ અને માખણ કરતાં પણ ખતરનાક વેજીટેબલ ઘી છે. વેજીટેબલ ઘીની વસ્તુ ખાવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ (એલ.ડી.એલ.), ટ્રાયગ્લીસરાઈડ વધે છે અને સારું (એચ.ડી.એલ.) કોલેસ્ટ્રોલ ઘટે છે. લાંબે ગાળે હૃદયને લોહી પહોંચાડતી નળીઓમાં ક્લોટ થાય છે અને હાર્ટએટક આવે છે. ભલે સસ્તું પડે પણ વેજીટેબલ ઘી નો ઉપયોગ ટાળો.

બહારના ફરસાણ, તળેલા પદાર્થો, મીઠાઈઓ ટાળો, તે વેજીટેબલ ઘીમાં બનાવેલ હોય છે કેમકે એમને સસ્તા પડે છે. ૧ વેફરના પડીકામાં કે પોટેટો ચીપ્સના પડીકામાં દોઢથી ૨ ચમચી (૭ થી ૧૦ ગ્રામ) વેજીટેબલ ઘી હોય છે. આ દોઢ ચમચીમાંથી ૪૬૦ કેલેરી જેટલી ટ્રાન્સફેટ મળે છે જે નુકસાનકારક છે. બિસ્કિટ, નાનખટાઈ, કેક, પેસ્ટ્રી, ખારી, ટોસ્ટ પણ વેજીટેબલ ઘી વાપરી બનાવાય છે માટે બજારૂ ફરસાણ, વેફર્સ, મીઠાઈઓ વગેરે ટાળીએ અને બાળકોને પણ એનાથી બચાવીએ. જે લોકો જાણે અજાણે ૧૫ થી ૨૦ ગ્રામ (૩ થી ૪ ચમચી) વેજીટેબલ ઘી લેતા હોય તેઓનું પાચન બગડે, આંતરડાં અને લીવર નબળા પડે, ડાયાબિટીઝ થઈ શકે. સ્નાયુ ઢીલા પડી જાય, કેન્સર થઈ શકે. સ્ટ્રોક (મગજની નસ તૂટવી),લકવો થઈ શકે.

૨. એક અભ્યાસના તારણ મુજબ અતિ ગુસ્સાવાળા તથા જે વ્યક્તિઓ પોતાની ભાવનાઓને કાબુમાં નથી રાખી શકતા એવા લોકો, વળી જેઓ હંમેશા આંતરિક ચક્રવ્યુહમાં જ અટવાયેલા હોય ને પરિસ્થિતિ મુજબ પોતાને ઢાળી ન શકે એવા લોકો અને કેન્સર વચ્ચે ઘણો સંબંધ દેખાઈ આવે છે, માટે કોઈપણ પરિસ્થિતિમાં શાંત રહી, ભાવનાઓ પર કાબુ રાખી,'બનશે, ફાવશે, ચાલશે, ગમશે'ને જીવનમાં અપનાવવાથી આપણે ઘણી બિમારીઓથી બચી શકીએ છીએ.

૩. કાળી અને લાલ દ્રાક્ષ રોજ ૧૦૦ થી ૧૫૦ ગ્રામ ખાઈએ તો આપણી રોગપ્રતિકારક શક્તિ વધશે, ઈન્ફેક્શનથી થનારી નાની, મોટી બિમારીઓ થશે નહી. મોટી ઉંમરે થતી હાઈ બી.પી., હાર્ટઍટક, ડાયાબિટીઝ, સ્ટ્રોક અને કેન્સર જેવી બિમારીઓ થવાની શક્યતા ઘટે છે.

૪. ઘેરા લીલા રંગના શાકભાજી ખાવાથી આપણને કેલ્શીયમ મળે છે, ઓસ્ટીઓપોરોસીસ મટી હાડકાં અને સાંધા તો મજબૂત થાય જ છે સાથે આંખને વધારાનું રક્ષણ મળે છે. તેમાંથી મળતા લ્યુટીન અને ઝેન્થીન નામના એન્ટીઓકિસડંટ આંખને મોતિયા સામે રક્ષણ આપે છે. શરીરને વિટામિન્સ અને ખનીજો મળે છે અને પેટ સાફ થાય છે.

૫. જન્કફૂડ (તેલ-બટર-ચીઝમાં લથબથ વડાં, સમોસાં, પિઝા જેવા નાસ્તા, ફરસાણ વગેરે)માં કૃત્રિમ રંગ, કેટલાકે રસાયણ-પ્રિઝરવેટીવ (બગડે નહી એટલા માટે) નાખ્યા હોય જે આપણા શરીર માટે ઝેર જેવા છે. કેન્સર પણ થઈ શકે. જન્કફૂડમાં પ્રોટીન, વિટામિન્સ, મિનરલ અને ફાયબર એવી ફાયદાકારક ચીજો બિલ્કુલ નથી હોતી. વિપુલ માત્રામાં સાકર, ચરબી અને મીઠું (નમક) હોય છે જે સ્થૂળતા, હૃદય રોગ, હાઈ બી.પી, ડાયાબિટીઝ, આર્થાઈટીસ, કબજીયાત, દાઢ દુઃખવી, થકાવટ જેવી તકલીફો આપી શકે. બાળકો માટે જન્કફૂડ મોટો ખતરો છે. જન્કફૂડ

## સાંધાણ તીર્થે પર્યુષણ પર્વની ધર્મમય ઉજવણી

સાંધાણમાં પર્યુષણ મહાપર્વ આર્યરક્ષિત વિદ્યાપીઠ તરફથી આવેલ બે આરાધક બહેનો હેમલતાબેન મણિલાલ ગડા (મંજલ રેલડીયા) અને મંજુલાબેન ભરત ગાલા (નાના બાંઢીયા)ના માર્ગદર્શનમાં આનંદથી ઉજવાયા. શ્રાવણ વદ બારસના મહાકાલી માતાજીની ભાવના શ્રીમતી મમતા નિલેશ ધરમશી તરફથી ભણાવવામાં આવી. શ્રી કલ્પસુત્ર (પોથી) ૬૧૧ મણમાં માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ મૈશેરી પરિવારે પધરાવેલ. ભાદરવા સુદ બીજના સ્વપ્ન દર્શનમાં મોક્ષની બારી ખોલાવવાનો લાભ ૪૧૦ મણમાં શ્રી તિલક જેઠાભાઈ મૈશેરીએ લીધેલ. બધા સ્વપ્ન તથા પારણાને હેમની માળા પહેરાવવાનો લાભ ૧૧૦૧ મણમાં શા. લખમશી દેવશી ચુરલા પરિવારે લીધો. શ્રી મહાલક્ષ્મી માતા પધરાવવાનો લાભ ૧૦૦૦૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી (બારસીવાળા) એ તથા વહાણ પધરાવવાનો લાભ ૬૦૦૧ મણમાં શ્રી પ્રફુલ ધનજી મૈશેરી પીપરમીન્ટવાલાએ લીધેલ. પ્રભુજીનું પારણું ૬૬૬ મણમાં શ્રી નવીનચંદ્ર કુંવરજી ધરમશી પરિવારે પધરાવેલ. **સ્વપ્નાનું કુલ ધૃત ૩૭૧૦૧ મણ** થયેલ તથા **પર્વનું કુલ ધૃત ૪૬૦૦૦ મણ** થયેલ. પાંચમના સવારે પાંચ જ્ઞાન પુજા પછી બારસા સુત્રનું વાંચન થયેલ. સાંજના સંવત્સરિક પ્રતિક્રમણ પછી બધી નવ ટુંકની આંગીની આરતીઓ ઉતારવામાં આવેલ. છઠ્ઠના વહેલી સવારે દ્વારોદ્ઘાટન કરવામાં આવેલ. નવ વાગે સમુહ ક્ષમાપના પછી તિર્થ સ્થાપક શેઠશ્રી માડણ તેજશી ધુલ્લાની છબીને હાર પહેરાવવાનો લાભ **શ્રી હર્ષ નિખીલ તિલક મૈશેરીએ** લીધેલ. બાદમાં તપસ્વી અનુમોદના, આરાધક બહેનોનું બહુમાન થયા તથા સ્ટાફને પર્વ નિમિતે બક્ષીસ આપવામાં આવેલ.

બપોરે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા મૂળનાયક શ્રી શાંતિનાથ દાદાની ટુંકમાં અઢાર અભિષેક પૂજન રાખવામાં આવેલ. માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ મૈશેરી પરિવાર તરફથી પર્વ દરમ્યાન દરરોજ તપસ્યા કરનાર, પૂજા કરનાર, પ્રતિક્રમણ કરનારને રૂા. ૫/-ની તથા થાળી ધોઈને પીનારને રૂા. ૧/- ની પ્રભાવના કરવામાં આવતી હતી.

॥ મુલુંડ તીર્થ મંડન શ્રી વાસુપૂજ્ય સ્વામી – શ્રી સુમતિનાથ – શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥
॥ નમો નમઃ ગુરુ શ્રી ગૌતમ-સુધર્મા-આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ॥

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

## સર્વેને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ



શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી
**ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા



સળંગ ૪૯મા વર્ષીતપારાધક
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
**ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા



શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મધ્યે સાહિત્યદીવાકર, રાજસ્થાનદીપક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠાણા ૬ નો ચાર્તુમાસ હવે પૂર્ણાહુતિની નજીદીક આવી ગયેલ છે. આપણે ખૂબ જ ભવ્યાતિભવ્ય ચાર્તુમાસ હરખ અને ઉલ્લાસપૂર્વક તપ, જપ, આરાધનાઓ, અનુષ્ઠાનો દ્વારા કરાવેલ.

હવે ચાર્તુમાસની સુકૃતોની અનુમોદનાર્થે **અષ્ટાન્હિકા મહોત્સવ કારતક સુદ ૪ ને રવિવાર, તા. ૧૫-૧૧-૧૫ થી કારતક સુદ ૧૧ ને રવિવાર, તા. ૨૨-૧૧-૧૫ સુધી રાખેલ છે.**

## અષ્ટાન્હિકા મહોત્સવનો મંગલમય કાર્યક્રમ

### : દિવસ ૧ લો :

**કારતક સુદ ૪, રવિવાર તા. ૧૫-૧૧-૨૦૧૫**
સવારના ૮.૪૫ કલાકે
**શ્રી ભક્તામરસૂત્ર મહાપુજન**
વિધિકાર – નવકાર મંત્રના આરાધક શ્રી કેશવજીભાઈ ગડા
**લાભાર્થી : શ્રી વીર શાંતિ જિન મંડળ – તાંબેનગર**

### : દિવસ ૨ જો :

**કારતક સુદ ૫, સોમવાર, તા. ૧૬-૧૧-૨૦૧૫**
સવારના ૯.૩૦ કલાકે : **જ્ઞાનના ખમાસમણા**
બપોરે ૧.૪૫ કલાકે : **સરસ્વતી દેવીની યંત્ર આરાધના**

### : દિવસ ૩ જો :

**કારતક સુદ ૭, મંગળવાર, તા. ૧૭-૧૧-૨૦૧૫**
સમય : સવારના ૬.૩૦ કલાકે
**મન મંદિર આવોને કહું એક વાતલડી**
(પરમાત્મા સાથે સ્તુતી-સ્તવનના સથવારે સંવાદ)

### : દિવસ ૪થો :

**કારતક સુદ ૮, બુધવાર, તા. ૧૮-૧૧-૨૦૧૫**
સમય : સવારના ૮.૪૫ કલાકે
**શ્રી જયવીરાય સૂત્ર પર અષ્ટપ્રકારી પૂજા સાથે પ્રાર્થના**
આ સૂત્રના આધારે પરમાત્માની પાસે શું માંગી શકાય તેના પર વિવેચન
સંવાદ : પંડિત શ્રી વિશાલભાઈ ધરમશી

### : દિવસ ૫ મો :

**કારતક સુદ ૯, ગુરૂવાર, તા. ૧૯-૧૧-૨૦૧૫**
સવારના ૮.૪૫ કલાકે
**૧૦૮ પાર્શ્વનાથ પૂજન**
વિધિકાર : પંડિત શ્રી વિશાલભાઈ ધરમશી
**લાભાર્થી :**
**માતુશ્રી રતનબેન શામજી દેઢિયા (ગઢશીશા)**
**હ. અ.સૌ. કુસુમબેન લક્ષ્મીચંદ દેઢિયા**

### : દિવસ ૬ઠ્ઠો :

**કારતક સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૦-૧૧-૨૦૧૫**
સવારના ૮.૪૫ કલાકે
**ચારિત્ર્ય ઉપકરણ વંદનાવલી**
(મહાત્માઓના ઉપકરણોનો અપ્રસિધ્ધ પરિચય સંગીતના સથવારે)
સંવાદ : શ્રી વિશાલભાઈ ધરમશી

### : દિવસ ૭ મો :

**કારતક સુદ ૧૧, શનિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૫**
સમય : સવારના ૯.૦૦ કલાકે
**ધાર્મિક ગેમ – ક્વીઝ**
સંવાદ : શ્રી મહાવીર યુથ ગ્રુપ (વિલેપાર્લે)

### : દિવસ ૮મો :

**કારતક સુદ ૧૨, રવિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૫** બપોરના ૧.૪૫ કલાકે.
**સકલતીર્થ વંદનાવલી અને બહુમાન**
(સમ્મેત શિખર, ગીરનાર, અષ્ટાપદજી, રાણકપુર વગેરે તીર્થની આબેહુબ પ્રતિકૃતિ પર વધામણા)
સંવાદ : પંડિત શ્રી વિશાલભાઈ ધરમશી

લી. મંત્રીઓ અને કન્વીનર્સ

ખાનારાઓ માટે એ ધીમા ઝેર સમાન છે.

૬. ઢોકળાં, ભજિયા, ગાંઠિયા જેવાં અમુક ફરસાણ બનાવવામાં સોડા વાપરવામાં આવે છે જેથી એ વસ્તુ હળવી અને નરમ બને. સોડામાં ભરપુર માત્રામાં સોડિયમ હોય છે એટલે આ વસ્તુઓથી હાઈ બી.પી., હૃદયરોગ કે કીડનીની સમસ્યાવાળાઓએ દૂર રહેવું જોઈએ. વધુ પડતો સોડા ધરાવતા આહાર લેવાથી હાડકાં, નબળા પડી શકે છે શાકભાજી અને કઠોળમાં અમુક ગૃહિણીઓ સોડા નાખે છે એ હાનીકારક છે કેમકે સોડા આહારમાં રહેલા આયર્ન અને વિટામિન 'બી'નો નાશ કરે છે જે શરીરને જરૂરી છે.

૭. સોના-ચાંદીના દાગીનામાં ધાતુઓ મિક્સ હોવાથી દાગિનાની એલર્જી પહેરનારને થઈ શકે, ચામડી પર ખંજવાળ, નાની ફોડીઓ વગેરે થઈ શકે. ખાસ કરીને નિકલ ભેળવવામાં આવે છે. જે સૌથી વધુ જવાબદાર હોય છે. કૉબાલ્ટ, ક્રોમિયમ ધાતુ પણ મિક્સ કરવામાં આવે છે જે પણ એલર્જી કરે. શુદ્ધ સોના-ચાંદીથી એલર્જી ન થાય ખોટાં દાગિનામાં સિસુ ઉમેરવામાં આવે છે તે સૌથી વધુ નુકસાનકારક છે. એલર્જી માટેની 'પેચ ટેસ્ટ' કરાવવી જેથી કઈ ધાતુની એલર્જી છે તે ખબર પડે.

એલર્જી હોય એમણે ચાંદીના દાગીના વાપરવા. ચાંદીના દાગિના સ્ટર્લિંગ ચાંદીથી બનાવવામાં આવે છે. જેમાં ખૂબ ઓછા પ્રમાણમાં તાંબુ મિક્સ કરવામાં આવે છે. આ ચાંદી એલર્જીવાળા માટે આદર્શ. તાંબાના દાગીનામાં પણ નિકલ જેવી ધાતુ મિક્સ કરતા નથી તેથી તે પણ સુરક્ષિત.

૮. તાજો રાંધેલો ને ગરમ ખોરાક જલ્દીથી પચે છે જ્યારે ઠંડો થયેલો વાસી ખોરાક મહામહેનતે અને લાંબા સમય બાદ પચે છે. ગરમ ભોજનમાં રહેલી પોતાની ગરમી અને પેટની અંદરની જઠરાગ્નિની ગરમી એ બંનેના મેળાપથી રાંધેલો ખોરાક ખૂબ ઓછા સમયમાં પચે છે. જ્યારે ઠંડો, વાસી ખોરાક જઠરાગ્નિને પણ મંદ કરે છે તેથી ખોરાક મોડો પચે, પેટમાં ભારરૂપ બને છે. ફ્રીજની વસ્તુઓ, ઠંડા પીણા ટાળીએ. ડીપફ્રાય કરેલ ફરસાણ, ખાદ્યો ખાવાથી પેટમાં ચૂંક, ખાટા ઓડકાર, અસીડીટી અને બીજી પેટની તકલીફો થાય છે.

૯. ઘઉંના, જ્વારામાં વિટામિન્સ (ખાસ કરીને 'કે' વિટામીન) અને એન્ટીઓક્સિડંટ હોવાથી ચામડીના ફંગલ ઈન્ફેક્શન (દરાજ જેવા), સફેદ, દાગ, ખીલ, સ્કીન એલર્જીમાં ખૂબ જ ફાયદો થાય છે. તેમાં રહેલા ક્લોરોફીલને લીધે એનીમીયા-લોહીની ઉણપ દૂર થાય છે. વિટામીન 'એ' 'ઈ', 'બી' અને બીજા તત્વોને લીધે હૃદયરોગમાં ફાયદો કરે છે. જ્વારાના રસનો લાંબા સમય સુધી ઉપયોગ કરવાથી થેલીસેમીયા, કેન્સર, કબજિયાતમાં ફાયદો થાય છે. પાર્કિન્સન્સ ડીસીઝ તથા મગજ અને જ્ઞાનતંતુના અનેક રોગોમાં ફાયદો થાય છે. સાંધાના સોજા અને દુ:ખવામાં પણ સારી અસર થાય છે. ઔષધશાસ્ત્રના પિતામહ હિપોક્રેટસનું કહેવું છે કે તમારો ખોરાક જ તમારું ઔષધ છે. જ્વારાનો રસ ઉત્તમ પોષણ પુરું પાડે છે અને સ્વાસ્થયપ્રદ છે.

૧૦. વિટામીન ડી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે, શરીરમાં હાનીકારક વાઈરસ અને બેક્ટેરીઆનો નાશ કરે છે. ડેન્માર્કના સંશોધકોએ સંશોધન કર્યું કે 'ટી' સેલ વિટામીન ડી ના કારણે સક્રિય બને છે. ટી સેલ સક્રિય થઈ રોગપ્રતિકારક કોષમાં પરિવર્તિત થઈ જોખમી કોષમાં પ્રવેશી તેનો નાશ કરે છે. કૉપનહેગન યુનિવર્સિટીના મુખ્ય સંશોધક પ્રો. કર્સ્ટન જીસલેરે આ સંશોધન કર્યુ. તડકો ચામડીપર પડવાથી શરીરનો વિટામીન ડી તૈયાર થાય, દુધની વસ્તુઓમાંથી મળે.

...


અઠ્ઠાઈ તપ ની ઉગ્ર તપશ્ચર્યા અનુમોદના

ધનવીર ભરત હંસરાજ વીકમશી - ૮ ઉપવાસ

ગામ-વારાપધર હાલ-ડોંબિવલી



(ઉંમર ૧૦ વર્ષ)

આદિનાથ દાદાની શીતલ છાયામાં અમારા પૌત્ર ચિ. ધનવીર ભરત વીકમશી એ નાની વયમાં અઠ્ઠાઈ ની ઉગ્ર તપશ્ચર્યા કરેલ છે. તે બદલ વીકમશી પરિવાર ભૂરી ભૂરી અનુમોદના કરે છે. હજુ પણ વધું તપશ્ચર્યા કરે તેવી શુભેચ્છા સાથે...

: શુભેચ્છક :

દાદા-દાદી : માતુશ્રી જયાબેન હંસરાજ વીકમશી

નાના-નાની : માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરી

મમ્મી-પપ્પા : સંગીતા ભરત વીકમશી

કાકી-કાકા : સંગીતા ભુપેન વીકમશી, શિલ્પા વિજય વીકમશી

ભાઈ-બહેન : અંકીતા-કોમલ, જીગર-રોશની, રોનક-હર્ષ

સમસ્ત વીકમશી પરિવાર ના મન, વચન, કાયાથી મિચ્છામી દુક્કડમ

With Best Compliments From :

**Dhanveer Trading Co. • Navkar Rice Traders**

P/5, APMC Market, Vashi, Navi Mumbai.

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા

વડોદરામાં ચાર્તુમાસ અર્થે પૂ.સાધ્વી શ્રી સુયનાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સ્નાત્ર મહોત્સવ-અનુષ્ઠાનો-નેમિકુમારનો જન્મકલ્યાણક મહોત્સવ, કૃષ્ણ જન્મ નિમિત્તે અષ્ટ પ્રકારી પૂજા - ભાઈઓ-બહેનોના પ્રતિક્રમણ તથા બાળકોની શિબીરો વગેરે સારી રીતે થયેલ. સંઘના રસોડે આયંબિલ એકાસણા ચાલુ છે.

કલ્પસૂત્ર (પોથી) વહોરાવવાનો લાભ ૧૮૦૦૧ મણ માતુશ્રી દમયંતીબેન પ્રફુલ લોડાયા પરિવારે લીધેલ. સ્વપ્નાનું કુલ ધૃત ૧૨૧૧૦૯ મણ થયેલ. પારણું ૫૬૦૦૧ મણમાં માતુશ્રી હીરાવંતીબેન રામજી નાગડા પરિવારે લીધેલ. શૈક્ષણિક ઈનામ વિતરણ - માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ તરફથી ભાદરવા સુદ ૧ સોમવાર તા. ૧૪.૦૯.૨૦૧૫ના અચલગચ્છ અધિષ્ઠાયીક દેવી શ્રી મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી કસ્તુરીબેન લક્ષ્મીચંદ લોડાયા, માતુશ્રી સારબાઈ હીરજી ખોના, માતુશ્રી લક્ષ્મીબેન વેલજી દંડ, શ્રી લહેરચંદ કુંવરજી મૈશેરી, શ્રી રૂપમ જયંત પટેલ, શ્રી કિશોર કાનજી ધુલ્લા, શ્રી વર્ધમાન કલ્યાણજી લોડાયા, માતુશ્રી હીરાવંતીબેન રામજી નાગડા તરફથી સમુહમાં ભણાવવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ આયોજીત બધા માટે ધાર્મિક અંતાક્ષરી રાખવામાં આવેલ. માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ હ.નીશીથભાઈ તરફથી ઈનામ વિતરણ કરવામાં આવેલ.

### વડોદરા મહિલા મંડળ યોજીત યાત્રા પ્રવાસ

વડોદરા મહિલા મંડળે તા ૧૩.૧૦.૧૫ અને ૧૪.૧૦.૧૫ના બે દિવસ યાત્રા પ્રવાસ વડોદરાથી પાવાગઢ-બોડેલી-અલીરાજપુર-લક્ષ્મણાજી-ઠાકુરશી-તાલનપુર-ભોપાવર-મોહનખેડા-ગોધરા થઈને રાત્રે પરત આવેલ.

પ.પૂ.આ.ભ અચલગચ્છાપતિ ૮૪મી વર્ષગાંઠ નિમિત્તે વડોદરા સંઘમાંથી ૧૦૦ જણા પાલીતાણા ગયેલ અને દર્શન-વંદન-વાણીનો લાભ લીધેલ.

આસો સુદ ૭ સોમવાર તા ૧૯.૧૦.૧૫ થી આસો સુદ૧૫ મંગળવાર તા ૨૭.૧૦.૧૫ સુધી આયંબિલ ઓળીની આરાધના કરાવવામાં આવેલ. આયંબિલ ઓળી કરાવવાનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા(જખૌ) વડોદરાએ લિધેલ.

### ભાવના મંડળ જલગામ

ભાવના જલગામ દ્વારા તા ૦૨.૧૦.૨૦૧૫નાં હાલના પ્રમુખ શ્રીમતી વિજયાબેન પ્રેમજી શાહનાં જન્મદિન નિમિત્તે એમને ૭૫(પંચોતેર) વર્ષ પુરાં થવા બદલ એમનું સન્માન કરવામાં આવેલ. શ્રીમતી વિજયાબેન શાહે મંડલનાં મેમ્બરોને ડ્રાયફ્રુટની બરણીઓ ભેટ આપેલ સરપ્રાઈજ સૌ દક્ષા મોમાયાને લાગેલ.

સૌ ટીનાબેન રાજેન્દ્ર પોલડીયાનાં ઘરે તા. ૦૬.૧૦.૧૫ નવકાર મહામંત્રનાં અલગઅલગ સુરોથી જાપ રાખવામાં આવેલ. પ્રથમ સૌ મધુ મોતા અને સૌ. સરલા ગોસર દ્વિતીય શ્રીમતી વિજયા શાહ તથા સરલા ગોસરને ઈનામ મળેલ.

તા ૦૮.૧૦.૧૫ના શરૂ થયેલ પ્રવાસમાં શ્રી ભાંડકજી તિર્થની યાત્રામાં ચંદ્રપુરમાં મહાકાલી માતાના દર્શન જૈન દેરાસરજી અને શ્રી બાલાજી ભગવાનનાં દર્શન વંદન કરેલ. આ સમસ્ત યાત્રાના દાતા (સંઘપતિ) સૌ ટીનાબેન રાજેન્દ્ર પોલડીયા જલગામ (બાયઠ) હતાં.

### શ્રી ક.દ.ઓ.જૈન જશાપર મહાજન

જશાપર નગરે પર્યુષણ પર્વ ઉલ્લાસ પૂર્વક ઉજવાયો. આરાધના કરાવવા પધારેલ આર્યરક્ષિત વિદ્યાપીઠની બે બહેનોએ સારી રીતે આરાધના કરાવેલ.

(૧૦) દસ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી શ્રીમતી કસ્તુરીબાઈ રવિલાલ સંગોઈ ગામ કચ્છ પૂનડી


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાઓસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

હાલ દાદર પરીવાર હતા.

કલ્પસુત્ર (પોથી) પધરાવવાનું તથા પ્રભુજીનો પારણુ ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી ઝવેરબાઈ હીરજી મોતા (જશાપર) હાલ મુલુંડ પરિવારે લીધેલ. સ્વપ્નનું ધૃત મણ ૭૫૦૦૦ મણ થયેલ.

છઠ્ઠના દિવસે શાંતિજિન જાગૃતિ ગ્રુપ દ્વારા અઢાર અભિષેકનું આયોજન સુંદર રીતે થયેલ. સાંઘવ વાસીઓ સારી સંખ્યામાં પધારેલ.

૧૪૦ મી ધજા મહોત્સવ મહા વદ બીજને તા ૨૪-૦૨-૧૬ના છે. સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા (જશાપર) હાલે ડોંબિવલી પરિવારે લીધેલ છે.

**વારાપધર સંઘ દ્વારા ગુરૂવંદના**

શ્રી વારાપધર ક.દ.ઓ.જૈન મહાજન તથા શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા સંઘના શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા શ્રી વાસુપૂજ્ય જિનાલય ઝવેર રોડ, મુલુંડ મધ્યે ચાર્તુમાસ અત્રે બિરાજમાન પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મહારાજ આદિ ઠાણાને ગુરૂવંદના કાર્યક્રમનું આયોજન તા. ૨૫.૧૦.૧૫ ના કરવામાં આવેલ. ૫૫ શ્રાવક-શ્રાવિકો દ્વારા જિનાલયે દર્શન -વંદન તથા સામુહિક ચૈત્યવંદન કરી નવકારશીનો લાભ લીધા બાદ ગુરૂવંદના કરવામાં આવેલ.

**ચાલીસગામમાં પર્યુષણ પર્વ ઉજવાયા**

ચાલીસગામમાં પૂ.શ્રી.ગુણવંથીશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ પર્વ આનંદ ઉલ્લાસથી ઉજવાયા. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવારે લીધેલ. કુલ ધૃત ૪૫૧૫૦ મણ થયેલ. પારણાનો ચઢાવો શા.ખુશાલચંદ કલ્યાણજી પોલડીયા પાંચોરાવાળાએ ૬૪૬૪ મણમાં લીધેલ. મુંબઈથી બે આરાધક બહેનો વિમલાબેન કિશોરભાઈ હરીયા તથા પ્રવિણાબેન પ્રદીપ શાહએ સરસ આરાધના કરાવેલ તેમજ પ્રશ્નમંજુષા તથા વિવિધ ગેમ બાળકોને રમાડેલ.રાઈ પ્રતિક્રમણ, પૌષધ તથા અઠ્ઠાઈ અઠ્ઠ છઠ્ઠની પણ સારી આરાધના થયેલ. સૌ. મધુબેન કમલેશ મૈશેરી તેમજ મધુબેન પદમશી સોનીએ આઠ ઉપવાસની આરાધના કરેલ. અત્રે ૪ મહિનાના જાપ ચાલુ છે. ચૈત્યપરિપાટી દેવલાલી, મોહન ખેડા અને ખોની સ્થળે યોજાયેલ. છઠ્ઠની આરાધનાનો લાભ દિપાબેન મનીષભાઈ લોડાયાએ લીધેલ.

**ભાડુંપમાં શત્રુંજ્ય તીર્થના સોળ ઉધ્ધારો**

પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં સોળ ઉદ્ધારકનો ભવ્ય સ્ટેજ શો કાર્યક્રમ ચેતના હરીયાના સંચાલન અને હાર્દીક શાહના સંગીતે ભારે ઉલ્લાસે સંપન્ન થયો. સોળ પરિવારોએ ચઢતા પરિણામે લાભ લઈ. ઉદ્ધારકોના ઈતિહાસને જીવંત કર્યો હતો.

ધાર્મિક સમિતિના કન્વીનર શ્રી વીરચંદભાઈએ શુભેચ્છા સાથે મહાજનશ્રીની પંચ વર્ષીય યોજનાના લક્કી ડ્રોના કુપનોની સમજ આપી. સહયોગની અપીલ કરતાં શ્રી કુંવરજી હરશી લોડાયા એ કુપનો લેવા મંગલાચરણ કરતાં સોળ ઉદ્ધારકો સહ અન્ય પરિવારોએ પણ ઉછળતા સહયોગ આપ્યો.

પૂર્ણાહૂતિએ શ્રી સંઘ તરફથી સ્વામી ભક્તિ હતી. રૂપે અ.સૌ.ચંદનબેન નારાણજી ગોશર બાયઠ હસ્તે પરેશભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય રહ્યું વિધીકાર શ્રી કેશવભાઈ ગડાના સંગાથે શ્રી સિદ્ધચક્ર-મહાપૂજન ભણાવાયું ૫૫૦ જણ જોડાયા. જીવદયામાં રૂા.૧૮૦૦૦ નો ફાળો થયો શ્રી સંઘે લાભાર્થી પરિવારનું બહુમાન કર્યુ.

આ ચાર્તુમાસમાં ગુરૂદેવોની સંગાથે અગિયાર દિવસ પર્યત શ્રી ભક્તામર મહાપૂજન સા. શ્રી યશગુણાશ્રીજી મ.સા.એ શુધ્ધ સમજે મંત્રોચ્ચાર સાથે પઠન કરાવ્યું.

પૂ.આ.ભ ગુણસાગર સૂરી.મ.સા.ની ૨૭ મી પુણ્યતિથિ અને સા.શ્રી નિરંજનગુણાશ્રીજી મ.સા.ની છઠ્ઠી પુણ્યતિથિએ ત્ર્યાન્હિકા મહોત્સવ પૂજા ગુણાનુવાદ અને અંતે ભક્તામર મહાપૂજન લાભાર્થી પરિવારજનો તરફથી સંપન્ન રહ્યું પૂજનની વિધિ પ.પૂ.સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.એ પંચમ સ્વરે કરાવી. આકર્ષક માંડલો તોરલ અભય ખોનાએ

**શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ**

આપણા કુલદેવતા શ્રી ભલારા દાદાની પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૧/૦૧/૨૦૧૬ પોષ સુદ ૧૨ અને તા. ૨૨/૦૧/૨૦૧૬ પોષ સુદ ૧૩ નાં નિર્ધારિલ છે. મહોત્સવ દરમિયાન પુજા, રથયાત્રા, આરતી, કુંભ તથા દિપક સ્થાપના વગેરે લાભ આપણે આપણા શ્રી ભલારા દાદાને નમતા પરિવારો ને કોઈપણ ધન રાશિ લીધા વગર આપવાનું નક્કી કરેલ છે. શ્રી ભલારા દાદા ને નમતાં ભાવિકો જેને મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

વિનંતી : તારીખ, તિથીયો થયેલ ફેરબદલ બદલ ક્ષમા કરશોજી.

લી. ''શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ''

શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

ચિત્રિત કર્યો. ઉપસ્થિતોએ સ્વામી ભક્તિનો લાભ આપ્યો.

રવિવારના શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ દ્વારા સૌ વિદ્યાર્થીઓના બહુજન હિતાયે સરસ્વતિ પૂજન ભણાવાયું ૨૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પૂજન પૂ.સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા.એ શુધ્ધ મંત્રોચ્ચારે કરાવ્યો. સૌએ ચૌવિહારનો લાભ આપ્યો. સંઘના પ્રમુખ શ્રી અનુજભાઈએ આવકાર આપી, આભાર માન્યો.

ભા.શુ.પાંચમના પૂ.સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.નો જન્મ દિવસ હોતાં સકળ શ્રી સંઘ તરફથી ગુરૂપુજન નો લાભ રૂા.૧૧૧૧૧/- માં અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ દંડ સાંધવ વાળાએ લીધો.

આસો માસની શાશ્વતી આયંબીલની ઓળીનો લાભ સ્વ.અ.સૌ.જયાબેનના આત્મ શ્રેયાર્થે લક્ષ્મીચંદ નરશી દંડ સાંધવવાળા સહ પરિવાર લઈ, નિત્ય તપારાધકોને પિરસી અંતે પારણાં કરાવી પ્રભાવનાનો લ્હાવો લીધો. પૂ.સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા. નિત્ય શ્રીપાળ-મયણાના રાશનું તત્વ સમજાવી તૃપ્ત કરતાં સા.શ્રી યથાર્થગુણાશ્રીજી મ.સા. સિધ્ધચક્રની આરાધના કરાવતાં. આરાધકોની શ્રી સંઘે વૈયાવચ્ચ કરી શ્રી મધુબેન લહેરચંદ ડાઘા સાથે અન્ય બહેનો એ આયંબીલની વ્યવસ્થા જાળવી. શ્રી સંઘે લાભાર્થી પરિવારની અનુમોદના કરી ઉચિત બહુમાન કર્યુ.

### અનંત મિત્ર મંડળ નવરાત્રી

અનંત મિત્ર મંડળ આયોજીત શ્રી મહાકાલી માતાની સાધના, આરાધના ભાવના રાસ ગરબાનું આયોજન કરતાં નવેનવ દિવસ લાભાર્થી ૪૫ પરિવાર સહિત મા ભક્તોએ હાજરી આપી.રાસ ગરબા લીધા. વિનય લોડાયાએ અસલ કાઠીયાવાડી સાદે ગરબા ગાયા. યોગેશ પટેલે લયબધ્ધ તબલા વગાડયા. નવ દિવસ સુધી ફાલ્ગુની ખોનાએ મંત્રોચ્ચારે સંચાલન કર્યુ. રોજ ત્રણ લક્કી નંબર રહેતા અને એક ને લક્કી નંબરે પાવાગઢ યાત્રાનો ડ્રો રહેતો. કિરીટ લોડાયાએ મંડળની પ્રવૃત્તિનો ચિતાર આપી સૌ સહાયકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વારાપધર વાસીઓની ચૈત્ય પરિપાટી

વારાવધર વાસીઓની ચૈત્ય પરિપાટી તા. ૦૪-૧૦-૨૦૧૫ના યોજાઈ જેમાં ૫૩ શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા લોઢાધામ, મહાવીર ધામ, નાકોડા ભૈરવ તલાસરી તથા નદીધામ આદિ દર્શન વંદન થયાં. ચૈત્ય પરિપાટી બસના દાતા બનવાનો લાભ લેનાર માતુશ્રી પદમાબેન અશોક ભેદા-મુલુંડ પરિવારના ચેતન ભેદા પધાર્યા હતાં. વિનય લોડાયા દ્વારા આવકાર અપાયેલ. પ્રમુખ શ્રી ભરત વિકમશીએ ચેતન ભેદાનું અભિવાદન કરાયેલ.

સાધર્મિક ભક્તિ અંતર્ગત નવકારશીનો લાભ પ્રેમીલા ઝવેરચંદ ભેદા-હિરાવંત લક્ષ્મીચંદ ભેદા-વિજયા લહેરચંદ લોડાયા (સંયુક્ત) તેમજ માતુશ્રી ચંદનબેન દિનેશ લોડાયાએ લીધેલ. બપોરના જમણનો લાભ માતુશ્રી રતનબેન નરશી લોડાયા તથા ચા-પાણીનો લાભ અ.સૌ. જલ્પા વિનય લોડાયાએ લીધેલ. શ્રી ભાવિન દિલીપ લોડાયા તથા સહમાનદમંત્રી નિતેશ દિનેશ લોડાયાએ ચૈત્ય પરિપાટીના આયોજન માટે સવિશેષ મહેનત કરેલ.

### વાશી – નવી મુંબઈ નગરે પર્યુષણ પર્વની ઉજવણી

શ્રી અચલગચ્છ જૈન સંઘ સં. ૧૪ શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાની દેરાસરે પ.પુ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી પ.પુ. સાધ્વીશ્રી કૃતાર્થ ગુણાશ્રીજી નૂતન દિક્ષીત, પ.પુ. સાધ્વીશ્રી મહાવ્રત ગુણાશ્રીજી દિક્ષીત, પ.પૂ. સાધ્વીશ્રી હીર ગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચાર્તુમાસે જીવતે છે. રોજ રોજ નવી નવી તપ જપ આરાધના માં સૌ ગામવાસીઓને તરબોળ કરી વીરની મધુર વાણી સંભળાવી રહ્યા છે.

પર્વના દિવસોમાં પ્રભુજીની નયન રમ્ય આંગીઓ રચાઈ અત્રે સ્વપ્નાનું કુલ્લ ઘી ૩ ૧૫ ૫૦૬ મણ થયેલ. કલ્પસુત્ર ઘરે પધારાવવાનો લાભ શ્રીમતી તૃપ્તીબેન ભાવેશ ગોસર ગામ, મોટા રતાડીયા અને પ્રભુજીનું પારણું પધરાવવાનો શ્રી લાભ ઉમેશ વીરચંદ કુંવરજી ધરમશી ગામ સુથરીવાળા એ લીધેલ. રોજ રોજ ભાવના રાત્રી જાગરણના અવનવું આયોજન કરાયેલ જેમ કે સંગીત મંડળી, પાઠશાળાના બાળકો દ્વારા નાટીકા, સ્તવન વગેરે વગેરે. જેમાં શ્રાવક-શ્રાવિકા અને બાળકો એ ઉત્સાહથી લાભ લિધેલ.

શ્રી ક.દ.ઓ. જૈન મંડળ નવી મુંબઈના તમામ સભ્યો તા. ૨૦/૯/૨૦૧૫ના નેરૂલ મુકામે આદિનાથ જિનાલયે સવારે


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.

* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

સામુહિક ક્ષમાપના તેમજ તપસ્વીઓનું બહુમાન કરવા બહોળી સંખ્યામાં પધારેલ. સૌ પ્રથમ સર્વે પદાધિકારીઓ મળીને પ્રાત સ્મરણીય જ્ઞાતિ શીરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને માળા રોપણ કરી, ત્યાં ઉપસ્થિત પૂ. સાધ્વીશ્રીજીના મુખે માંગલિક સાંભળ્યુ. સામુહીક ક્ષમાપના કરી તપસ્વીનું બહુમાન કર્યું. સંઘપૂજન માટે આના ફંડમાં સારો પ્રતિસાદ સાંપડેલ.

### વડોદરા શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ

વડોદરા શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ આયોજીત શરદોત્સવ-૨૦૧૫ તા. ૦૧-૧૧-૨૦૧૫ ને રવિવારે ઉજવાયો, ૨૫૦ ઉપરાંત ખૈલયા ની વિશેષ હાજરી નોંધાઈ સાથે સાથે દાતા પરિવારો પણ ઉદાર ભાવના સાથે હંમેશની જેમ યુવક મંડળના કર્ણધાર રહ્યા. વિવિધ કેટેગરીના ખૈલયાઓને પુરસ્કાર આપવામાં આવ્યા દુધ-પૌવા સાથે સ્વાદિષ્ટ ડીનરની લહેજત માણી. પ્રોગ્રામનું સંચાલન શ્રી દિપેન વર્ધમાન લોડાયા તથા શ્રી ઋષભ રતીલાલ પનપારીયાએ કર્યુ.

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા બાલાશ્રમ લોનાવાલાની યુવતીઓ સાથે પરિચય મિલન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા બાલાશ્રમ લોનાવાલાની યુવતીઓ સાથે પરિચય મિલન તા.૨૪/૧૦/૨૦૧૫ ના લોનાવાલા સંચેતી ભવન માં રાખવાના આવેલ. ૧૧ યુવતીઓ અને ૧૫ યુવકો હાજર રહેલ પાંચ સગપણ નક્કી કરવામાં આવેલ. આપણી જ્ઞાતિ ના ૫૦ જણ હાજર રહ્યા હતા. સવારના નૌકારશી, બપોરના સાધર્મિક ભક્તિનો લાભ નિર્મલા કેટરર્સ લોનાવાલા હસ્તે હેમંત ભાઈ, પ્રશાંત ભાઈ, નિર્મલા બેને લીધેલ. ગ્રુપના કાર્યકર ભાઈઓ હેમંત મોતા, રાજેશ દંડ, વિપુલ લોડાયા, જયેશ લાલકા, રાજેશ મૈશેરી, નયના મોતા, રશ્મી મોતા, નિર્મલા મોમાયા સર્વે હાજર રહ્યા હતા.

### ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, સુરત

સુરતમાં ૧૮-૧૦-૧૫ના યોજાયેલ અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલી માતાજીની ભાવનામાં ૬૦ જેટલા ભાવિકો ઉપસ્થિત રહ્યા. ભાવના નિલેશ ખોનાના નિવાસ સ્થાને રખાયેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા કાર્યકરો જીગર છેડા, ડોલર છેડા, મિકેશ છેડા, રાહુલ ધરમશી અને પંકલ સાયલા એ જહેમત ઉઠાવેલી.

### શ્રી રાપર નાની સિંધોડી જૈન સંઘ

કુલદેવતા શ્રી ભલારા દાદાની પુન:પ્રતિષ્ઠાનો મહોત્સવ ફેરફાર થયેલ કાર્યક્રમ મુજબ આગામી ૨૧ અને ૨૨.૧૦.૧૫ નિર્ધારેલ છે. મહોત્સવ દરમ્યાન પુજા, રથયાત્રા, આરતી, કુંભ તથા દીપક સ્થાપના વગેરેનો લાભ કોઈ પણ ધન રાશી લીધા વગર આપવાનું નક્કી થયું છે.

### જખૌમાં પર્યુષણ પર્વની ઉજવણી

આ વર્ષે જખૌ તીર્થમાં પર્યુષણપર્વની આરાધના માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી બે ગુરૂબહેનો શ્રીમતી ભાનુબેન કારાણી તેમજ શ્રીમતી નલિનીબેન ગોહિલની સેવાનો લાભ મળ્યો. તેમણે સુંદર ભક્તિ કરાવી. ચંદ્રકાંત શિહોરવાળાએ સંગીતમય સાથ આપેલ. છઠ અને સાતમના સંઘ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવી. દરરોજ સવારના ભક્તામર સ્ત્રોત, વ્યાખ્યાન તેમજ સાંજના પ્રતિક્રમણબાદ વિવિધ પ્રભાવનાઓ થઈ હતી. કુલ ધૃત ઉછામણી ૧૦૧૮૧૫મણ થયેલ જેમાં કલ્પસુત્ર ૬૦૦૧ મણ, સ્વપ્ન ધૃત ૬૦૯૧૮ મણ, અન્ય ચડાવા ૨૫૮૬૪મણ અને દ્વારોદ્ઘાટન ૯૦૩૨ મણનો સમાવેશ થાય છે. સ્થાનિક કાર્યકરો, ટ્રસ્ટીઓ અને મુંબઈથી પધારેલ ટ્રસ્ટીઓએ સમગ્ર વ્યવસ્થા સુંદર રીતે પાર પાડી હતી.

### શ્રી શાંતિજિન ગ્રુપે ઉજવ્યું મહિલાપર્વ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈની રજત જયંતી ઉજવણી નિમિતે પહેલી નવેમ્બર, ૨૦૧૫ના રોજ ભાંડુપ સ્થિત વાતાનુકૂલિત શ્રી નરશી નાથા બેન્કવેટ હોલમાં મહિલા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી ભારતીબેન ભાગચંદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં મહિલાલક્ષી વિવિધ આયોજનો સાથે રમતો પણ યોજાઈ હતી. સમાજની ૩૦૦થી વધારે મહિલાઓએ તેમાં ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

મ્યુઝિકલ હાઉઝી, વિવિધ ગેમ્સ, સૌંદર્ય સ્પર્ધા, રાસ-ગરબા વગેરે આ ઉજવણીનાં મુખ્ય આકર્ષણ બન્યાં હતાં. સાથે, ફૂડ ફેસ્ટિવલમાં હતો. તમામ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોનું આકર્ષક ઈનામોથી




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

અભિવાદન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન શાંતિજિન મહિલા વિભાગના કાર્યકર્તાઓ સાથે રીટાબહેન હરિયાએ સફળતાપૂર્વક કર્યુ હતું.

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન સંઘ**

રંગપુર હાલારમાં પર્યુષણ પર્વની આરાધના બહુ જ સારી રીતે થઈ. શ્રી આર્યરક્ષિતજૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠથી બે બહેનો એ કલ્પસુત્ર વાંચન સાથે વ્યાખ્યાન સારી રીતે સમજાવેલ. પર્યુષણ દરમ્યાન દસ દિવસની સાધર્મિક ભક્તિ સંઘના રસોડામાં જ થઈ.

મહાવીર સ્વામી જન્મદીવસ બીજના દિવસે ૧૪ સ્વપ્નાની ઘીની ઉછામણી તથા ઘીના ચડાવા થયાં. બીજના દીવસે ટોટલ ઘીની બોલી ૯૨૧૬૦ મણની થઈ તથા બીજા રોજના પક્ષાલથી આરતી મંગળ દીવાનું ઘી ૧૧૦૯૫ મણ થયેલ. ટોટલ ઘી ૧૦૩૨૫૫ મણ થયું.

પોથી પધરાવવાનો લાભ માતુશ્રી મણીબાઈ પુનશી નાગડા પરિવારે લીધેલ. પારણું પધરાવવાનો લાભ શ્રી ચંપકલાલ ગાંગજી ધરમશી પરિવારે લહેરચંદ ચંપકલાલ ધરમશીએ લીધેલ.૨૦૧૫ થી ૨૦૧૬ પર્યુષણ સુધી ભોજન શાળા નિભાવ માટે ઉદાર દીલ દાતા ઓથી ૧૫૫૦૦૦ ના વચનો આવેલ ૧૮ નામો આવેલ છે. હજી પણ નામો આવકાર્ય છે. જીવદયા પ્રેમીઓથી ચાલુ વર્ષના એક મહીનાનો નકરો ૬૦૦૦ રાખેલ છે. તેમાં પણ ૮ નામો આવેલ છે.

**સાંયરા સમાચાર**

સાંયરામાં પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી.મ.સા તથા પ.પૂ.સા.શ્રી ઋજુ પ્રજ્ઞાશ્રીજી.મ.સાની નિશ્રામાં પ.પૂ.આચાર્ય દેવંશ ગુણાસાગરજી સુરીશ્વરજી. મ.સા.ની ૨૭ મી પૂણ્યતિથી ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ સાંયરામાં ઉજવેલ. તા ૧૨.૧૦.૨૦૧૫ના વ્યાખ્યાનમાં ગુણાનું વાદ વ્યાખ્યાન તથા પ્રભુજીની અંગરચના કરેલ પૂ. મહારાજ સાહેબ તથા સતીષભાઈ પ્રેમચંદભાઈ પૂ.સા.શ્રી ગુણસાગરજી સૂરીશ્વરજી વિષે શબ્દો બોલેલ. આસો સુદ ૧ તા ૧૩.૧૦.૨૦૧૫ પૂ.સા.શ્રી ગુણસાગરજી સૂરીશ્વરજી મ.સા.ના ગુણ કિર્તન તથા પૂજા ભણાવેલ.

આસો સુદ ૨ તા ૧૪.૧૦.૨૦૧૫ના ૯૯ અભિષેક પૂજન કરેલ. અઠ્ઠમ તપમાં ૧૩ ભાગ્યશાળીઓ જોડાયા હતાં. તા ૨૧.૧૦.૨૦૧૫ના શ્રીમતી લીલાવંતીબાઈ રાયચંદ ધ્રોળપરિવાર તરફથી મહાકાલી માતાજીની ભાવના થયેલ જેમાં પૂ. મહારાજ સાહેબ અલગ અલગ રાગ રાગણીથી ગીતો ગાયેલ. તબલચી મણિલાલભાઈ બેન્જો માસ્ટર શ્રી હનુભાબાપુ આરીખાણાવાલા, રતીલાલભાઈ, પ્રેમચંદભાઈ જે રામગરે સારી રમઝટ બજાવેલ.

સ્વ. માતુશ્રી માનબાઈ ઠાકરશી જીવાણી જખૌવાલાની માસિક પૂણ્યતિથી નિમિતે તા ૨૫.૧૦.૨૦૧૫ના મહાકાલી માતાજીની ભાવના થયેલ. જેમાં ખમાવંતીબાઈ, કસ્તુરીબાઈ, રતીલાલભાઈ, કલ્પેશભાઈ, પ્રેમચંદભાઈ આદિએ રમઝટ બજાવેલ.

તા. ૨૬.૧૦.૨૦૧૫ના શ્રી ખમાવંતીબાઈ વાલજી હીરજી ખોના તરફથી મહાકાલી માતાજીની ભાવના થયેલ જેમાં ખમાવંતીબાઈ, કસ્તુરીબાઈ પૂ. મહારાજ સાહેબ  રતીલાલભાઈ, કલ્પેશભાઈ, પ્રેમચંદ તથા તબલચી મણિલાલ ભાઈ તથા ઉત્તમભાઈએ સારી જમાવટ કરેલ.

આસો સુદ ૭ થી ૧૫ પૂનમ સુધી આયંબિલની ઓળી થયેલ. જેમાં દરરોજ અલગ અલગ પદની આરાધના થયેલ. કુલ ૧૭૦ આયંબિલ થયેલ. જેમાં મોટી ઓળીમાં પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી.મ.સા. હતાં. તપસ્વીઓનાં પારણા માતુશ્રી લખમીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા તથા તપસ્વીઓનું બહુમાન દામજીભાઈ નરશી મોમાયા મોટરવાળા હતા.


**કચ્છી જૈન પંચાગ કેલેન્ડર – ૨૦૭૨**
**તીર્થયાત્રા દર્શન બુક, પ્રાપ્તિ સ્થાનો.**

● તિથી,તારીખ,વાર,નક્ષત્ર,વાસ્તુમુહૂર્તો,શુભ દિવસો વિ.૧૨ પાના,દરેક પાનાની પાછળ ઉપયોગી માહિતી કિંમતરૂા.૩૦,
● સંપૂર્ણ ભારતના જૈન તીર્થોની માહિતી જેમા ૧૩ રાજ્યોના ૪૧૬ તીર્થોની માહિતી તીર્થ, મહિમા, કી.મી., એડ્રસ, મેપ, રૂટ, વિ. માહિતી ૩૪૪ પેજની બુક કિંમત રૂા.૧૫૦

(૧) શેઠિયા ટુર: ભાતબજાર, મો. ૯૮૬૯૬૧૩૮૬૪
(૨) લક્ષ્મી એપરલ મલાડ(વેસ્ટ), ૨૮૮૨૨૩૮૫
(૩) પી.આર. ફેબ્રિકર્સ: હિંદમાતા,દાદર,૨૪૧૨૧૯૨૦
(૪) કડલી: ઝવેરરોડ, મુલુંડ(વેસ્ટ),૨૫૬૪૯૨૭૫
(૫) શેઠિયા પ્રિન્ટર્સ: ડૉંબિવલી (ઈસ્ટ), ૨૮૬૧૧૬૧.
સંપર્ક: રમણ શેઠિયા – ૯૮૧૯૭૨૩૬૬૩.



યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

દીપોત્સવ એટલે બહાર જ નહીં અંતરમાં પણ દીવો પ્રગટાવવાનું પર્વ. સૌનું નૂતન વર્ષ સુખ-સમૃદ્ધિ સ્વાસ્થ્ય ભર્યુ રહે તેવી શુભકામના.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **નરેન્દ્ર સી. માલદે** | ૮, ફાસીબાઈ પાટીલ બિલ્ડીંગ, ૧ લે માળે, શાસ્ત્રી નગર, આર.બી.આય કોલોની, જુનો ડોંબિવલી રોડ, ડોંબિવલી (પ) |
| **દિલીપ લાલજી નાગડા** | ૨૩, અહિલ્યા દેવી નગર, C/o. એકતા ક્લાસેસ, સ્ટેશન રોડ, ધુળે - ૪૨૪ ૦૦૧ |

## જીવનચક્ર

### જન્મ

| | | | |
|---|---|---|---|
| ૨૪.૦૯.૧૫ | માટુંગા | (સુધારો) જીયાન-પૂર્વી/કુણાલ લહેરચંદ મહેશ્વરી નાની સિંધોડી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૧.૧૫ | ડોંબિવલી | ચીરાગ રમેશ જેઠાભાઈ મોમાયા | નલીયા | ૨૯ |
| | નલીયા | મયુરી ચંદ્રકાંત મણીકાંત લાલકા | નલીયા | ૨૭ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૧૦.૧૫ | ભોપાલ | પ્રિયાંસ સુધીર વાલજી મોતા | વાકું | ૨૯ |
| | નાગદા | હિમાનસી રાજેન્દ્ર જૈન | રાજસ્થાન | ૨૬ |
| ૦૩.૧૧.૧૫ | ચાલીસગામ | દિપ પદમશી વેરશી સોની | વાકું | ૨૫ |
| | લોનાવાલા | ભાગ્યશ્રી બિરકર | લોનાવલા | ૧૯ |
| ૦૩.૧૧.૧૫ | ચાલીસગામ | હેમંત હીરાચંદ વેરશી સોની | વાકું | ૨૮ |
| | લોનાવાલા | જમુના વિનોદ એસ. બી | લોનાવલા | ૨૦ |
| ૦૩.૧૧.૧૫ | ચાલીસગામ | વિપુલ પૂનમચંદ વેરશી સોની | વાકું | ૨૯ |
| | લોનાવાલા | મનીષા નારાયણ ભોજાની | લોનાવલા | ૧૯ |
| ૦૩.૧૧.૧૫ | ભાડુંપ | કેવલ હીરાચંદ હિરજી લોડાયા | બાંઢીયા | ૨૨ |
| | લોનાવલા | તેજશ્રી એસ બી. | લોનાવલા | ૨૦ |

### છૂટાછેડા (ભૂલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૨.૧૫ | ડોંબિવલી | જીગ્નેશ પદમશી સોજપાર મોતા | કુવાપધર | ૩૩ |
| | ગાંધીધામ | વિધાતા લબ્ધીકુમાર બી. મોમાયા | મોટી સિંધોડી | ૩૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૧૫ | રાજચંદ્ર આશ્રમ(અગાસ) | રતિલાલ ડુંગરશી નાગડા | નલિયા | - |

### Shri Arihant Co-operative Bank : Rupay ATM/ Debit Card

E-Commerce facility has been provided on the Arihant Bank Rupay ATM cum Debit Card to Current/Saving Account Holder the Card is issued Free of Charge. from 6th November, 2015. Arihant Bank Rupay Cardholders now can avail E-payment facilities for Online Payment of E-Commerce Purchases, Air/Railway Tickets, Electric/ Telephone Bills, Insurance Premiums, Mobile/Cable Recharge etc, as also POS Transaction Payments at various Merchants Establishments, Hotels, Restaurants etc. For acquiring Arihant Bank Rupay ATM/ Debit Card one has to contact any Branch of the Bank.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

# હજારો જૈનોની હાજરી વચ્ચે શ્રી હંસરત્નવિજયજી મ.સા.ના શ્રી ગુણરત્ન સંવત્સર તપના પારણાં







પૂ.પૂ.હંસરત્નવિજયજીના શ્રી ગુણરત્ન સંવત્સર તપનો પારણા મહોત્સવ રવિવાર, તા.૧ નવે.ના રોજ બીકેસી ખાતે ૫૦થી ૬૦ હજાર જૈનો તેમજ અનેક રાજદ્વારી નેતાઓની હાજરી વચ્ચે સંપન્ન થયો હતો.

શ્રી ગુણરત્ન સંવત્સર તપમાં કુલ ૪૯૪ દિવસમાંથી ૪૨૩ દિવસ ઉપવાસ આવે છે. આમાં તપશ્ચર્યાના પ્રારંભમાં પ્રથમ મહિનામાં એક ઉપવાસ બાદ પારણું, બીજા મહિને બે ઉપવાસ બાદ પારણું એમ કરતાં કરતાં અંતિમ ૧૬ ઉપવાસ અને પારણું આવે છે આમ કુલ ૪૯૪ દિવસમાં ૪૨૩ ઉપવાસ થવા જાય છે.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ જાતે હાજર રહ્યા હતા. આ પ્રસંગે તમામ ગચ્છના આચાર્ય ભગવંતો સહિત સેંકડો સાધુ-સાધ્વીઓ આ અનેરા પ્રસંગના સાક્ષી બન્યા હતા.

પારણાં મહોત્સવ બાદ હજારો લોકોએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો. મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી કાંતાબેન રસિકલાલ સંઘવી પરિવાર જૂના ડીસાએ રૂ.૫૧ લાખ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યા હતા તેમજ રૂ. એક કરોડની રકમ જીવદયા માટે અર્પણ કરી હતી.



## ખોના તથા લોડાયા પરિવારનું ગૌરવ



**ડૉ. ચિ. દર્શિતા સંજય ખોના** - કોઈમ્બતુર

**BDS. FINAL**

દેવ ગુરૂની કૃપાથી **ચિ. દર્શિતા**એ Bachelor in Dentistry (BDS.) Final Year પાસ કરેલ છે. ભવિષ્યમાં વધુને વધુ સફળતા મેળવે એવી હાર્દિક શુભેચ્છા

✻ શુભેચ્છક ✻

દાદાણા : **માતુશ્રી વિમલાબાઈ હિરાચંદ ખોના** - કોઈમ્બતુર

નાનાણા : **માતુશ્રી ગુણવંતીબાઈ કુંવરજી લોડાયા** - ગદગ

માતા-પિતા : **અ.સૌ. રૂપા સંજય ખોના** - કોઈમ્બતુર

ફોન : 9345035521 / 9345035522

## અભિનંદન



**કુ. નિરાલી નીલેંદુ નાગડા (શાહ)**

પિંપલગાવ - નાસીક

**માતુશ્રી બાંયાબાઈ વેલજી ઉમરસી ધરમસી** (સુથરી) તરફથી કન્યા છાત્રાલય (મુંબઈ)માં રહીને અભ્યાસ કરતી અને ૧૨મા ધોરણમાં સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીનીને દર વર્ષે આપવામાં આવતું પારિતોષિક આ વર્ષે **કુ. નિરાલી** નાગડાને આપવામાં આવેલ છે.

**હાર્દિક અભિનંદન...**

**શ્રીમતી દમયંતીબેન સનત્ શાહ પરિવાર**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

સર્વે જ્ઞાતિજનોને દિવાળી તથા નુતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

Ketan Dinesh Jain (Dharamshi) - Sandhan

Cell : 98208 95256

AKSHAR PRINTS

Large Format Outdoor/Indoor Printing Solutions

DIGITAL FLEX, VINYL & SIGNAGES

- Flex
- Vinyl
- Wooden/M.S.Framing
- Frontlit Board
- Glowsign Box
- Canvas Printing
- One-way Vision
- Sunboard Printing
- Cloth Banners
- Roll-up Standy
- Tent / Kiosks
- Promoter Table
- Brochures
- Catalogues
- Posters
- Menu Cards
- T-Shirt
- Photo Mug

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો અને સામાજિક સંસ્થાઓને દરમાં વિશેષ છુટ !

**Off.:** Shop No. 1 & 2, Janata Society Marg, Opp Hanuman Temple,
Near Shridevi Hotel,Raigadh Chowk, Ghkatopar (E), Mumbai - 400 077.
Tel. : 022 - 2501 0780 • E-mail : aksharprints@gmail.com • Web : aksharprints.in

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,